RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 281, Dt.14-2-2025 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ટ્રમ્પના MAGA સામે મોદીનું MIGA

## ૨૦૪૭ સુધીમાં વિકસીત ભારત બનાવવાની કટીબદ્ધતાઃ નરેન્દ્ર મોદીએ અમેરિકન નારામાં ભારતનું સુત્ર ઉમેર્યુ : બન્ને રાષ્ટ્રો સમૃધ્ધિ માટે નવી ભાગીદારી બનાવશેઃઅમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બેઠક ઐતિહાસીક બની

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

અમેરિકામાં રાષ્ટ્રપતિપદે સતારૂઢ થયા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે મેક અમેરિકા ગ્રેટ અગેઈન (MAGA) નારો આપ્યો હતો ત્યારે અમેરિકામાં ટ્રમ્પ સાથે બેઠક કરનાર ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ નારામાં નમેક ઈન્ડીયા ગ્રેટ અગેઈનથ (MAGA) નો ઉમેરો કર્યો હતો અને ૨૦૪૭ સુધીમાં વિકસીત ભારત બનાવવાની કટીબદ્ધતા દર્શાવી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે વ્હાઈટ હાઉસ ખાતે સંયુક્ત પત્રકાર પરિષદમાં કહ્યું કે, જેમ ટ્રમ્પ અમેરિકાને ફરીથી મહાન બનાવવા માટે કામ કરી રહ્યા છે, તેમ ભારતે પણ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાનું લક્ષ્ય રાખ્યું છે.

પીએમ મોદીએ કહ્યું કે, જો બંને દેશો સાથે મળીને આગળ વધે તો તેઓ આખી દુનિયાને એક નવો આકાર આપી શકે છે. પીએમ મોદીએ એક નવું સૂત્ર પણ આપ્યું અને કહ્યું કે MAGA અને MIGA મળીને સમૃદ્ધિની મેગા ભાગીદારી બનાવી શકે છે.

પીએમ મોદીએ કહ્યું કે નઅમેરિકાના લોકો રાષ્ટ્રપતિ ટ્રમ્પના નમેક અમેરિકા ગ્રેટ અગેનથ સૂત્રથી સારી રીતે વાકેફ હશે.થ ભારતના લોકો પણ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના સંકલ્પ સાથે આગળ વધી રહ્યા છે. અમેરિકન ભાષામાં તેને નઃમેક ઈન્ડિયા ગ્રેટ અગેઈન - MIGA કહેવામાં આવે છે.

જ્યારે ભારત અને અમેરિકા સાથે મળીને કામ કરશે, ત્યારે MAGA અને MIGA સાથે મળીને સમૃદ્ધિ માટે એક મોટી ભાગીદારી બનાવશે. આ મહાભાવના આપણા ઉદ્દેશ્યોને એક નવું પરિમાણ આપશે. આજે આપણે ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપારને ૫૦૦ અબજ ડોલર સુધી વધારવાનું લક્ષ્ય પણ રાખ્યું છે.

બંને દેશો વચ્ચેના વેપાર કરાર અંગે પીએમ મોદીએ કહ્યું કે નઅમારી ટીમો ટૂંક સમયમાં વેપાર કરાર પર કામ કરશે, આનાથી બંને દેશોને પરસ્પર ફાયદો થશે.થ ભારતની ઊર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે અમે તેલ અને ગેસ વેપારને મજબૂત બનાવીશું. ઊર્જા માળખાગત સુવિધાઓમાં રોકાણ વધશે.પરમાણુ ઉર્જા ક્ષેત્રમાં, અમે નાના મોડ્યુલર રિએક્ટર તરફ અમારા સહયોગને વધુ ગાઢ બનાવવા વિશે વાત કરી. ભારતની સંરક્ષણ તૈયારીઓમાં અમેરિકા મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

વ્યૂહાત્મક અને વિશ્વસનીય ભાગીદારો તરીકે, અમે સંયુક્ત વિકાસ, સંયુક્ત ઉત્પાદન અને ટેકનોલોજીના ટ્રાન્સફર તરફ સક્રિયપણે આગળ વધી રહ્યા છીએ. નવી ટેક્નોલોજી અને સાધનો આપણી ક્ષમતાઓમાં વધારો કરશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર,





૨૦૨૪ માં ભારત અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપાર ૧૨૯ બિલિયન હતો. વર્ષ ૨૦૨૪ માં અમેરિકા ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર રહ્યો. જોકે, ભારત અમેરિકા માટે ૧૦મું સૌથી મોટું વેપારી ભાગીદાર રહ્યું. અમેરિકા મેક્સિકો, કેનેડા અને ચીન સાથે સૌથી વધુ વેપાર કરે છે. ૨૦૨૪ માં અમેરિકાનો મેક્સિકો સાથે વાર્ષિક વેપાર લગભગ ૮૩૯ બિલિયન હતો. કેનેડા સાથે આ આંકડો ૭૬૨ બિલિયન હતો. વર્ષ ૨૦૨૪માં અમેરિકાનો ચીન સાથે ૫૮૨ અબજ ડોલરનો દ્વિપક્ષીય વેપાર થયો હતો. યુએસ સેન્સસ બ્યુરોના ડેટા અનુસાર, ભારત અને અમેરિકા વચ્ચે વેપાર ખાધ પણ વધી રહી છે. અમેરિકાએ ૨૦૨૪ માં ભારતમાંથી ૪૫ બિલિયનનો માલ આયાત કર્યો હતો.આ સમયગાળા દરમિયાન, ભારતે અમેરિકાથી લગભગ ૨૪ અબજ ડોલરની કિંમતની વસ્તુઓની આયાત કરી. આ રીતે, બંને દેશો વચ્ચે વેપાર ખાધ ઘણી વધારે છે અને આ જ કારણ છે કે ટ્રમ્પ ભારત પર ટેરિફ વધારવાની વાત કરી રહ્યા છે.

# તહવ્વુર રાણાનો કબ્જો ભારતને સોંપશુ : ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાત

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

૨૦૦૮ ના મુંબઈ ત્રાસવાદી હુમલામાં સામેલ અને અમેરિકન જેલમાં બંધ તહવ્વુર રાણાને ભારતને સોંપી દેવાનું અમેરીકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેર કર્યું હતું. ભારત માટે આ અત્યંત મહત્વનું પ્રત્યાર્પણ છે. વ્હાઈટ હાઉસમાં સંયુકત પત્રકાર પરિષદમાં ટ્રમ્પે તહવ્વુર રાણાને ભારતને સોંપવાને મંજુરી આપવાનું જાહેર કર્યું હતું. ઉપરાંત ભવિષ્યમાં વધુ વોન્ટેડ આરોપીનુ પ્રત્યાર્પણ કરવાનો મહત્વનો નિર્દેશ આપ્યો હતો. ટ્રમ્પે કહ્યું કે અત્યંત હિંસક માણસ (તવ્વહુર રાણા) ને તુર્તમાં ભારત મોકલી દેશૂ.



આ સિવાય ભારત તરફથી કેટલાંક વધુ વોન્ટેડ આરોપીના પ્રત્યાર્પણ માટે દરખાસ્ત મળી છે અને તેમને પણ પાછા મોકલશુ ગુનાખોરી જેવા મોરચે ભારત સાથે એક થઈને કામ કરવાનું અને ભારત માટે વધુ સારૂ વાતાવરણ સર્જશુ. અમેરિકન સુપ્રિમ કોર્ટે પણ ગત ૨૧ મી જાન્યુઆરીએ રાણાની આખરી અરજી ફગાવી હતી. અને પ્રત્યાર્પણ માટેનો માર્ગ ખુલ્લો કરી દીધો હતો. ભારતીય વિદેશ મંત્રાલયે એવો નિર્દેશ કર્યો હતો કે રાણાને પરત મેળવવાની કાનુની પ્રક્રિયા ચાલી રહી છે.

# સૌરાષ્ટ્રમાં સાંજે ચૂંટણી પ્રચારના પડઘમ શાંત : રવિવારે જુનાગઢ કોર્પો. સહિત 30 પાલિકામાં મતદાન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લાની પાંચ સહિત સૌરાષ્ટ્રની ૩૦ પાલિકાની ચૂંટણીનું કાઉન્ટ-ડાઉન શરૂ થવા પામેલ છે. તા.૧૬ને રવિવારે યોજાનારી આ ચૂંટણીમાં પ્રચાર આજે સાંજથી શાંત થઈ જશે.

સૌરાષ્ટ્રમાં જુનાગઢ મ્યુ. કોર્પો. સહિત ૩૦ પાલિકાની આ ચૂંટણીમાં ૨૦૫૧ જેટલા મતદારો ચૂંટણી મેદાનમાં ઉતર્યા છે. આવતીકાલે બપોર સુધીમાં ચૂંટણી સ્ટાફ મતદાન મથકોનો કબ્જો સંભાળી લેનાર છે. મતદાન બુથોમાં મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ ફરમાવી દેવામાં આવેલ છે.

પાલિકાની આ ચૂંટણીમાં બેઠકો કબ્જે કરવા માટે ઉમેદવારોએ એડીચોટીનું જોર લગાવી દીધુ હોય રાજકીય ગરમાવો આવી જવા પામેલ છે. કેટલીક જગ્યાએ બળવાખોરોએ પણ માથુ ઉંચક્યુ છે. જોકે મતદારોમાં નિરસતા હજુ વ્યાપેલ છે. આજે સાંજથી પ્રચાર પડઘમ શાંત થયા બાદ મતદારો ડોર ટુ ડોર પ્રચાર શરૂ કરશે. રાજકોટ જિલ્લામાં જસદણ, જેતપુર-નવાગઢ, ધોરાજી, ભાયાવદર અને ઉપલેટા એમ થઈને કુલ પાંચ નગરપાલિકાની તથા ગોંડલ, ઉપલેટા, જેતપુર અને જસદણ થઈને કુલ ૬ તાલુકા પંચાયતની બેઠકો પર પેટા ચૂંટણીઓ યોજાશે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણી બાબતે જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે, પાંચ નગરપાલિકાની ચૂંટણીઓ યોજાનાર છે. તેમાં જસદણ નગરપાલિકા ૧ થી ૭ વોર્ડ માટેની ૨૮ બેઠકો પર ૬૪ ઉમેદવારોએ ચૂંટણી માટે નામાંકન કરાવ્યું છે, જેમાંથી બે બેઠકો બિનહરીફ જાહેર થઈ છે. જેતપુર-નવાગઢ નગરપાલિકામાં ૧ થી ૧૧ વોર્ડ માટેની ૪૪ બેઠકો પર ૧૪૦ ઉમેદવારો ચૂંટણી માટે નામાંકન કરાવ્યું છે. ધોરાજી નગરપાલિકામાં ૧ થી ૯ વોર્ડ માટેની ૩૬ બેઠકો પર ૧૧૦ ઉમેદવારો ચૂંટણી માટે નામાંકન કરાવ્યું છે. ભાયાવદર નગરપાલિકામાં ૧ થી ૬ વોર્ડ માટેની ૨૪ બેઠકો પર ૬૮ ઉમેદવારો ચૂંટણી માટે નામાંકન કરાવ્યું છે. ઉપલેટા નગરપાલિકામાં ૧ થી ૯ વોર્ડ માટેની ૩૬ બેઠકો પર ૮૭ ઉમેદવારો ચૂંટણી માટે નામાંકન કરાવ્યું છે. જેમાંથી પાંચ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે. પાંચ નગરપાલિકાની ચૂંટણીઓમાં કુલ ૧૬૮ બેઠકો પર કુલ ૪૬૯ ઉમેદવારોએ નામાંકન કર્યુ છે અત્યાર સુધીમાં કુલ સાત બેઠકો બિનહરીફ જાહેર કરાઈ છે.



# માર્ચમાં જ ગરમી ભુક્કા બોલાવશે

## દેશના અનેક રાજયોમાં ફેબ્રુઆરીમાં જ ગરમીના પારાએ લગાવી છલાંગઃ આ વર્ષે છેલ્લા ૩ વર્ષના ગરમીના રેકોર્ડ તૂટવાની હવામાન વિભાગની આગાહી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**


હવામાનના તીખા વલણથી આ વર્ષે સામાન્યથી વધુ ગરમી રહી હતી. ફેબ્રુઆરીમાં પણ રાહત નહોતી મળી. હવામાન વિભાગે આશંકા વ્યક્ત કરી છે કે માર્ચ મહિનો પણ અપેક્ષા કરતા વધુ ગરમ રહેશે. આ દરમિયાન લોકોને મે-જૂન જેવી ગરમી સહન કરવી પડી શકે છે.

હવામાન વિભાગના અનુસાર લાંબા સમય વરસાદ ન થવો અને તાપમાનમાં એકાએક વૃદ્ધિના કારણે આવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. ઠંડીની ઋતુમાં પશ્ચિમી ડિસ્ટર્બન્સ અસરહિન રહેવાથી પુરા ઉતર ભારતમાં સારો વરસાદ નહોતો થયો. જેના કારણે હવામાન ગરમ છે. તેની અસર આવનારા દિવસોમાં જોવા મળશે.

કૃષિ અને ટેકનોલોજી વિશ્વ વિદ્યાલય પંતનગરના હવામાન વિશેષજ્ઞ ડો. આર.કે.સિંહનું કહેવું છે કે આ વખતે શિયાળામાં ત્રણ પશ્ચિમી ડિસ્ટર્બન્સ આવ્યા, પણ ત્રણેય અસર વગરના રહ્યા. છેલ્લા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર પણ એક-બે દિવસમાં સમાપ્ત થઈ જશે.

૨૦ ફેબ્રુઆરી બાદ તાપમાનમાં ઝડપથી વધારાનું પુર્વાનુમાન છે. આ દરમિયાન વરસાદ થવાની કોઈ સંભાવના નથી. આ પરીસ્થિતિમાં હવામાન એ સંકેત દઈ રહ્યું છે કે માર્ચ મહિનામાં જ ગરમી અનેક રેકોર્ડ તોડી શકે છે. હવામાન નિષ્ણાંતોના જણાવ્યા મુજબ ફેબ્રુઆરીમાં ૨૭-૨૮ ડિગ્રી સુધી ચાલતુ તાપમાન માર્ચ મહિનામાં ૩૮-૪૦ ડિગ્રીએ પહોંચી શકે છે. તરપ્રદેશના જિલ્લામાં ૨૦ ફેબ્રુઆરી બાદથી તાપમાનમાં વધારો થવો સંભવ છે. કાનપુરમાં બુધવારે દિવસે તાપમાન ૨૮.૨ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૧ ડીગ્રી રહ્યું હતું. બન્ને આંકડા સામાન્યથી વધુ છે.

હવામાન નિષ્ણાંતોનું કહેવું છે કે, આ વખતે ગત વર્ષનો રેકોર્ડ તૂટવાની સંભાવના છે. હવામાનને લઈને જાહેર ચેતવણીમાં કહેવામાં આવ્યુ છે કે ફેબ્રુઆરીના અંતિમ હપ્તા કે માર્ચની શરૂઆતમાં તાપમાન એટલુ વધી ગયું હશે કે લોકો બેચેન થવા માંડશે. ફેબ્રુઆરીમાં વરસાદ પણ સામાન્યથી ૨૦ ટકા ઓછો રહ્યો છે. વરસાદની કમીથી હવામાં ભેજ ઝડપથી ઘટશે અને તાપમાનમાં ઝડપથી વધારો જોવા મળશે. રાંચી સહિત ઝારખંડના મોટાભાગના જિલ્લામાં ફેબ્રુઆરીના અંતિમ સપ્તાહમાં એપ્રિલ જેવી ગરમી અનુભવાશે. હવામાન આગાહીમાં ૨૧થી૨૭ ફેબ્રુઆરી દરમિયાન તાપમાન ૨૬થી૩૪ ડીગ્રી વચ્ચે રહેવાનું અનુમાન છે. પહાડો પર દિવસ તાપનો અનુભવ થવા લાગ્યો છે. કુમાઉના પહાડી જિલ્લામાં અધિકતમ તાપમાન ૧૮થી૨૨ ડિગ્રી પહોંચી રહ્યું છે. ન્યુનતમ તાપમાન પણ સામાન્યથી વધુ નોંધાઈ રહ્યું છે.




# ગેરકાનુની રહેતા ભારતીયોને પરત લેવાશે : મોદી

■ સામાન્ય પરિવારના લોકોને ગુમરાહ કરી ખોટા સ્વપન દેખાડીને માનવ તસ્કરીના માર્ગે મોકલાઈ છે : વડાપ્રધાન



**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

અમેરિકામાં ગેરકાનુની રીતે રહેતા ભારતીય નાગરિકોને ટ્રમ્પ શાસને ડિપોર્ટ કરી દેવાનો પ્રારંભ કરી દીધો છે અને આગામી દિવસોમાં વધુ ભારતીયોને લઈ આવતી અમેરિકી લશ્કરી ફલાઈટ ભારત પહોંચશે.

તે વચ્ચે વ્હાઈટ હાઉસમાં પત્રકાર પરિષદમાં શ્રી મોદીએ અત્યંત સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, જે લોકો અન્ય દેશમાં ગેરકાનુની રીતે રહે છે અને ત્યાં રહેવાનો કોઈ કાનુની અધિકાર નથી અને જયાં સુધી ભારત અને અમેરિકાનો પ્રશ્ન છે તો અમો હંમેશા એ કહીએ છીએ કે જે લોકોની ચકાસણી બાદ તે ભારતીય નાગરિક તે નિશ્ચિત થાય અને તે અમેરિકામાં ગેરકાનુની રીતે રહેતા હશે તો અમો તેને ભારતમાં પરત લેવા તૈયાર છીએ.

શ્રી મોદીએ વધુમાં કહ્યું કે આ પ્રકારના ભારતીય સામાન્ય પરિવારના લોકો છે તેમને મોટા મોટા સ્વપના દેખાડીને માનવ તસ્કરીના માધ્યમથી લાવવામાં આવે છે તેઓને ગુમરાહ કરાય છે.

તેથી આપણે આ માનવ તસ્કરી પર પુરી તાકાતથી હુમલો કરવો જોઈએ. ભારત અને અમેરિકાનો પ્રયાસ હશે કે આ પ્રકારના તંત્રને અમો નષ્ટ કરીએ અને મને વિશ્વાસ છે કે તેમાં પ્રમુખ ટ્રમ્પનો સહયોગ મળી રહેશે.

# હવે ૮૦C હેઠળ નહીં કરી શકો સેવિંગ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

નાણામંત્રી નિર્મલા સીતારમણે સંસદના નીચલા ગૃહ લોકસભામાં નવું આવકવેરા બિલ ૨૦૨૫ રજૂ કરી દીધુ. નવા બિલમાં સરકારે કાયદાના સરળીકરણ પર ભાર મૂક્યો છે. નવા કાયદો જૂના ઈનકમ ટેક્સ એક્ટ ૧૯૬૧ની જગ્યા લેશે. જે હાલના સમયમાં ઘણું જૂનું થઈ ગયું છે અને વારંવાર સંશોધનોના કારણે પેચીદો થઈ ગયો છે.

નવું બિલ કાયદો બન્યા બાદ કરદાતાઓએ અનેક ધરખમ ફેરફારો માટે તૈયાર રહેવાનું રહેશે. પરંતુ તમને જણાવી દઈએ કે હજુ આ બિલને કાયદાનું સ્વરૂપ લેવામાં સમય લાગી શકે છે. કારણકે બિલ હાલ પસંદગી સમિતિ પાસે મોકલાયું છે. સરકારે કહ્યું છે કે આવકવેરા બિલ પર એક પસંદગી સમિતિ બનાવવામાં આવશે જે આગામી સત્રના પહેલા દિવસે પોતાનો રિપોર્ટ સોંપશે.

આવકવેરાની કલમ ૮૦ઈ થી કોઈ ટેક્સપયર્સ માહિતગાર ન હોય એવું બને નહીં. ઈક્વિટી લિંક્ડ સેવિંગ સ્કીમ (ઊકજજ), પબ્લિક પ્રોવિડેન્ટ ફંડ (ડડ્રક્ષ), જીવન વીમા પ્રીમિયમ, નેશનલ પેન્શન સિસ્ટમ (ગડજ) કે અન્ય ટેક્સ સેવિંગ ડિપોઝિટ આ સેક્શન હેઠળ આવે છે. જે હેઠળ ૧.૫ લાખ સુધીની છૂટ મળે છે.

નવા બિલમાં આવી બાબતોને સેક્શન ૧૨૩ હેઠળ રાખવામાં આવશે. બિલ મુજબ કોઈ પણ વ્યક્તિ કે સંયુક્ત હિન્દુ પરિવાર (ઈઞ્રક્ષ) તે ટેક્સ વર્ષમાં ચૂકવણી કે જમા કરાયેલી સંપૂર્ણ રકમની કપાત માટે હકદાર રહેશે. જો કે આ રકમ મહત્તમ ૧,૫૦,૦૦૦ રૂપિયા સુધી હશે.

ટેક્સ કન્સલ્ટન્સી ફર્મ ઝફઢઅફફિળ.ભજ્ઞળના ફાઉન્ડર-ડાયરેક્ટર મયંક મોહાંકાના જણાવ્યાં મુજબ નવા આવકવેરા બિલમાં અપાયેલી સેક્શન ૧૨૩ હાલની આવકવેરા કાયદા ૧૯૬૧ની સેક્શન ૮૦ઈ સમાન હશે. તેને અનુસૂચિ ડટ સાથે વાંચવી જોઈએ. જેમાં સેક્શન ૮૦ઈ હેઠળ મળતી ટેક્સ છૂટ વિશે વિસ્તારથી જાણકારી અપાઈ છે.

નવા આવકવેરા બિલ ૨૦૨૫માં સેક્શનની સંખ્યા ઘટાડીને ૮૧૯થી ૫૩૬ કરી દેવાઈ છે. જેમાં બિનજરૂરી છૂટોને સમાપ્ત કરી દેવાઈ છે અને આ સાથે જ નવા બિલમાં કુલ શબ્દોની સંખ્યા ૫ લાખથી ઘટાડીને ૨.૫ લાખ કરી દેવાયા છે. નવા આવકવેરા બિલમાં ચીજોને સરળ બનાવવા પર ફોક્સ કરાયું છે. આ સાથે જ અસેસમેન્ટ યરને ટેક્સ યર સાથે રિપ્લેસ કરાશે. નવો ટેક્સ કાયદો ૧ એપ્રિલ ૨૦૨૬થી અમલમાં લાવવામાં આવશે.




# કાલથી CBSE બોર્ડની પરીક્ષા, ગેરરીતિ રોકવા ન્યૂ CCTV પોલિસી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

૧૫ ફેબ્રુઆરીને શનિવારથી દેશભરમાં CBSE બોર્ડની પરીક્ષા શરૂ થઈ રહી છે, ત્યારે તેમાં ૪૪ લાખ જેટલા વિદ્યાર્થીઓ અલગ-અલગ ૨૦૪ જેટલા વિષયોમાં પરીક્ષા આપવાના છે. ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા ૧૫ ફેબ્રુઆરીથી ૧૮ માર્ચ અને ૨ એપ્રિલ સુધી ચાલશે. જેનો સમય સવારે ૧૦.૩૦થી ૧.૩૦ વાગ્યાનો છે. ત્યારે આ પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા નવી સીસીટીવી પોલિસી અમલમાં લાવવામાં આવી છે.

આ વર્ષથી તમામ પરીક્ષા કેન્દ્રો ઉપર સીસીટીવી તો ફરજિયાત છે જ, પરંતુ પરીક્ષા કેન્દ્રમાં સીસીટીવી મોનિટરિંગ ઓફિસર મૂકવાનો નવો નિયમ બનાવવામાં આવ્યો છે. જેમાં પરીક્ષા કેન્દ્રમાં ૨૪૦ વિદ્યાર્થીઓ અથવા ૧૦ ક્લાસરૂમ વચ્ચે એક સીસીટીવી મોનિટરિંગ ઓફિસરને ફરજ સોંપવામાં આવશે. આ ઓફિસર ચાલુ પરીક્ષા દરમિયાન સતત સીસીટીવી ઉપર નજર રાખશે. આ ઉપરાંત તેના પર દિલ્હી ખાતેના કંટ્રોલરૂમની પણ નજર રહેશે. પરીક્ષાનું પરિણામ ન આવે ત્યાં સુધી એટલે કે, અંદાજે બે મહિનાથી વધુ સમય સુધી સમગ્ર પરીક્ષાનું સીસીટીવી રેકોર્ડિંગ જે તે પરીક્ષા કેન્દ્રોએ ફરજિયાત રાખવું પડશે.

રાજકોટ રિજિયનમાં એટલે કે, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૪૮ પરીક્ષા કેન્દ્રો ઉપરથી ગતરોજથી સીબીએસઈની પરીક્ષા શરૂ થશે. જેમાં ધોરણ ૧૦માં ૨,૬૦૨ અને ધોરણ ૧૨માં ૧,૬૨૩ વિદ્યાર્થીઓ એમ બન્ને મળીને ૪,૨૨૫ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે, તેમ રાજકોટ રિજિયન CBSE એક્ઝામ કોઓર્ડિનેટર અને RKCના પ્રિન્સિપલ યશ સક્સેનાનુ કહેવું છે.



# વિરપુર પાસે પ્લાસ્ટીકની થેલીમાં નવજાત બાળકીને ત્યજી દંપતી ફરાર

**■ ત્રિવેણીડેમ પાસે નોધારા પડેલ નવજાતને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડાયું**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વિરપુરના ત્રિવેણી ડેમ પાસે અજાણ્યું કપલ પ્લાસ્ટિકની થેલીમાં તાજી જન્મેલી બાળકીને ત્યજી ફરાર થઈ ગયું હતું. સ્થાનિકોને જાણ થતા પોલીસને માહિતી અપાઈ હતી વિરપુર પોલીસની ટીમે નવજાતને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલ સારવાર માટે ખસેડેલ અને વિરપુર પોલીસ મથકે અજાણ્યા સ્ત્રી પુરુષ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. આ અંગે મળતી વિગત મુજબ, ગઈકાલે તા.૧૨/૨/૨૫ ના રોજ સાંજે ૪.૩૦ વાગ્યાં આસપાસ વાગ્યે વિરપુર પાસે આવેલ ત્રિવેણી ડેમ પાસે કોઈ અજાણ્યુ કપલ નાના બાળકને ત્યજીને ચાલ્યું ગયું છે. તેવી જાણ જાગૃત નાગરિક દ્વારા રાજકોટ રૂરલ પોલીસ કંટ્રોલ રૂમમાં કરાઈ હતી. જેથી કંટ્રોલ રૂમના સ્ટાફ દ્વારા આ અંગે વિરપુર પોલીસને જાણ કરાતા પોલીસ સ્ટાફ તુરંત દોડી ગયો હતો. સ્થળ પર પહોંચેલ હેડ કોન્સ્ટેબલ જીજ્ઞેશભાઈ ચૌહાણ અને રાઈટર વિપુલભાઈ સોલંકીને ત્યાં રહેતા સ્થાનિક મહિલાએ જણાવેલ કે, આ તાજી જન્મેલ બાળકીને કોઈ અજાણ્યા સ્ત્રી પુરુષ એક કાળા કલરનું મોટર સાયકલ લઈને આવેલ હતા અને મોટર સાયકલમાં પાછળ બેસેલ સ્ત્રીના હાથમાં એક સફેદ કલરની પ્લાસ્ટીકની થેલી હતી. જે થેલી અવાવરૂ જગ્યામાં મુકેલ અને તે અજાણ્યા સ્ત્રી તથા પુરુષ ત્યાંથી મોટર સાયકલ લઈને જતા રહેલ હતા. પછી તે જગ્યાએ જઈ જોયુ તો એક બાળકનો રડવાનો અવાજ આવતો હતો. એક સફેદ કલરની પ્લાસ્ટીકની થેલી જોયેલ તો તે પ્લાસ્ટીકની થેલીની બહાર કોઈ તાજુ જન્મેલ બાળકના પગ દેખાતા હોય અને તે થેલીમાંથી જ બાળક રડવાનો અવાજ આવતો હોય જેથી તે પ્લાસ્ટીકની થેલી માંથી બાળક બહાર કાઢેલ અને જોયેલ તો તે તાજુ જન્મેલ બાળક લોહી લુહાણ હાલતમાં નિર્વસ્ત્ર હતું.

આ સ્થાનિક મહિલા પાસેથી તમામ વિગતો લઈ પોલીસે તાજી જન્મેલ બાળકીને તાત્કાલીક વિરપુર સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલ. પ્રાથમિક સારવાર આપેલ હતી અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલમાં બાળકીને રીફર કરાઈ હતી. વિરપુર પોલીસના મહિલા કોન્સ્ટેબલ અદિતીબેન સુભાષ ટીલાવત બાળકીની દેખરેખ માટે એમ્બ્યુલન્સમાં રાજકોટ સરકારી હોસ્પિટલ ગયા હતા. આ તરફ પોલીસે ફરિયાદી બની તાજુ જન્મેલ નવજાત શીશુ બાળકીને સંપુર્ણ ત્યજી દેનાર અજાણ્યા સ્ત્રી અને પુરુષ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. અને તેમની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# હાઈવે પર કારમાં બેસાડી મુસાફરોને લૂંટતી ગેંગના ચાર ઝડપાયા

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર શહેર ગ્રામ્ય વિસ્તારમા દિવસ દરમ્યાન રોડ ઉપર ઉભેલ માણસોને પેસેંઝર તરીકે બેસાડી તેમની પાસેથી લુંટ.ચોરી કરનાર ચાર ઈસમોને રોકડ રૂપિયા તથા કાર વિગેરે મળી.કુલ કિ.રૂ. ૯,૭૮,૮૦૦ના મુદામાલ સાથે પકડી પાડતી જામનગર એલ.સી.બી.પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર વિભાગ રાજકોટ નાઓએ અન ડીટેક્ટ વાહન ચોરી તથા ઘરફોડ ચોરી ના ગુન્હા શોધી કાઢવા માટે સુચના કરેલ હોય જેથી જામનગર જીલ્લાના પોલીસ વડા પ્રેમસુખ ડેલૂએ વાહન ચોરી તથા ઘરફોડ ચોરી તથા લુંટ કરતા ઈસમોને ચેક કરી ગુન્હા શોધી કાઢવા સુચના કરતા એલ.સી.બી. ના પો.ઈન્સ. વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. સ્ટાફના પો.સ.ઈ. પી.એન.મોરી તથા પો.સ.ઈ. સી.એમ.કાંટેલીયા તથા સ્ટાફના માણસો જામનગર શહેર વિસ્તારમા તથા ગ્રામ્ય વિસ્તારમા ચોરી.લુંટ ના અન ડીટેક્ટ ગુન્હા શોધી કાઢવા અંગે પેટ્રોલીંગમા હતા

દરમ્યાન એલ.સી.બી. સ્ટાફના ક્રિપાલસિંહ જાડેજા, તથા ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા સુમીતભાઈ શિયાર તથા રૂષિરાજસિંહ વાળા ને મળેલ હકિકત આધારે તથા ઈ-ગુજકોપ પોકેટ કોપથી શર્ચ કરી મળેલ ડીટેઈલ આધારે જામનગર શહેરમાં લાલપુર બાયપાસ પાસે સમાણા જતા રોડ ઉપર આવેલ પુલ પાસે નીચે જણાવેલ નામ વાળા ઈસમો ચોરી.લુંટના મુદામાલ સાથે મળી આવતા મજકુર ઈસમો વિરૂધ્ધ પોલીસ સબ ઈન્સ સી.એમ.કાંટેલીયા એ કાર્યવાહી કરી વધુ કાર્યવાહી માટે પંચ બી ડીવી પોલીસ સ્ટેશનને સોપી આપેલ છે.પકડાયેલ આરોપીની. ડ્રાઈવર સુનિલભાઈ વિનુભાઈ સોલંકી દેવીપુજક ઉ.વ.૨૩ રહે.મોટા ઉજળાગામ તાલુકો વડીયા જીલ્લો અમરેલી રોહિત ભુપતભાઈ સોલંકી દેવીપુજક ઉંમર વર્ષ ૨૪ રહે. રાજુલાગામ એમપી નગર મફતિયા પરા અમરેલી ધર્મેશ ધીરુભાઈ ગણપતભાઈ ચૌહાણ દેવીપુજક ઉ.વ.૨૯ રહે. રાજુલાગામ તત્વજ્યોતી સોસાયટી જીલ્લો અમરેલી અલ્પેશ કિશોરભાઈ સોલંકી દેવીપુજક ઉ.વ.૨૮ રહે. રાજુલાગામ તત્વજ્યોતી સોસાયટી જીલ્લો અમરેલી શોધી કાઢેલ ગુન્હા.પંચ બી ડિવી પોસ્ટે ગુ.ર.નં.-૧૧૨૦૨૦૪૬૨૫૦૧૬૪/૨૦૨૫ બી.એન.એસ. કલમ-૩૦૯ (૪) ૫૪ મુજબ કાલાવડ ટાઉન પોસ્ટે ગુ.ર.નં.-૧૧૨૦૨૦૩૦૨૫૦૦૫૧/૨૦૨૫ બી.એન.એસ. કલમ-૩૦૩ ૫૪ મુજબ કબ્જે કરેલ મુદામાલ રોકડા રૂ.૮૮૦૦ સોનાનો ચેઈન જેનો વજન આશરે ૧૯ ગ્રામ ૦૯૦ મીલી ગ્રામ જેની હાલની આશરે કિ.રૂ.૧,૭૦,સફેદ કલરની સેવન સીટર કીયા કાર નં- જી.જે.૧૧ સી.એચ.૩૮૭૪ ની કિ.રૂ.૮,૦૦,૦૦૦મળી કુલ મુદામાલ કુલ ૫.શ. ળ,લક્ષ,ક્ષરર.૧ આરોપીનો ગુન્હો કરવાની એમ.ઓ મજકુર ઈસમો દિવસ દરમ્યાન હાઈવે રોડ ઉપર કારમા આટાફેરા કરી રોડ ઉપર વાહનની રાહ જોઈ ઉભા રહેલ પેસેંઝરને કારમા બેસાડી તેમની પાસેથી પહેરેલ દાગીના તથા રોકડ રૂપિયાની ચોરીલૂંટ કરે છેઃહ ઉપરોક્ત ચોરી શીવાય આરોપીઓએ અન્ય ચોરી કરેલની કબુલાત આપેલ છે આજથી બે વર્ષ પહેલા કોળીનાર રોડ ઉપર દિવસ દરમ્યાન એક ભાઈને કારમા બેસાડી તેમના ખીસ્સામાથી રૂ.૨૦,૦૦૦ કાઢેલ છે આજથી બે ત્રણ માસ પહેલા ધારી થી ચલાલા રોડ ઉપર દિવસ દરમ્યાન એક ભાઈને કારમા બેસાડી તેમના ખીસ્સામાથી રૂ.૨,કાઢેલ છે આજથી બે માસ પહેલા ઉના રોડ ઉપર દિવસ દરમ્યાન



એક ભાઈને કારમા બેસાડી તેમના ખીસ્સામાથી રૂ.૭,૦૦૦/ કાઢેલ છે.આજથી બે માસ પહેલા મહુવાથી તળાજા જતા રોડ ઉપર દિવસ દરમ્યાન એક ભાઈને કારમા બેસાડી તેમના ખીસ્સામાથી રૂ.૧૨,૦૦૦- કાઢેલ છે

આજથી એક માસ પહેલા જુનાગઢથી જેતપુર જતા રોડ ઉપર દિવસ દરમ્યાન એક ભાઈને કારમા બેસાડી તેમના ખીસ્સામાથી રૂ.૫૦૦૦કાઢેલ છે આજથી બે માસ પહેલા દ્રવારકાથી ખંભાળીયા જતા રોડ ઉપર દિવસ દરમ્યાન એક ભાઈને કારમા બેસાડી તેમના ખીસ્સામાથી રૂ.૩૫૦૦ કાઢેલ છે આ કાર્યવાહી પો.ઈન્સ. વી.એમ.લગારીયા ના માર્ગદર્શન મુજબ પો.સ.ઈ. પી.એન.મોરી તથા પો.સ.ઈ.એમ.કાંટેલીયા તથા એલ.સી.બી. સ્ટાફના હરપાલસિંહ સોઢા, ભરતભાઈ પટેલ, શરદભાઈ પરમાર, નાનજીભાઈ પટેલદિલીપભાઈ તલવાડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઈ કોડીયાતર, મયુદીનભાઈ સૈયદ, ક્રિપાલસિંહ જાડેજા, ધમેન્દ્રસિંહ જાડેજા, નિર્મળસિંહ જાડેજા, કિશોરભાઈ પરમાર, ભરતભાઈ ડાંગર, ધનશ્યામભાઈ ડેરવાળીયા, સુમીતભાઈ શીયાર, રૂષીરાજસિંહ વાળા, મયુરસિંહ પરમાર, સુરેશભાઈ માલકીયા, ભારતીબેન ડાંગર, દયારામ ત્રિવેદી, બીજલભાઈ બાલાસરા તથા ધમેન્દ્રસિંહ જાડેજા વિગેરે દ્વારા કરવામા આવેલ છે.

# મોરબી નવયુગ વિદ્યાલયમાં વેલેન્ટાઈન ડેના બદલે માતૃ-પિતૃ પૂજન પર્વ ઉજવાયો






મોરબીના નવયુગ વિદ્યાલયમાં વેલેન્ટાઈન ડેના બદલે ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતો પમાતૃ-પિતૃ પૂજન પર્વ ઉજવાયો હતો. ધોરણ ૪ થી ૮ ના વિદ્યાર્થીઓએ માતા-પિતા, દાદા-દાદી અને ગુરુજનો સાથે આ પર્વમાં ભાગ લીધો હતો. આ ઉપરાંત ઉજવણીના ભાગરૂપે યોગ વેદાંત સમિતિ, સુરેન્દ્રનગર વિદ્વાન વક્તા દેવિકાબેન દ્વારા માતા-પિતાના મહાત્મ્ય અને આધ્યાત્મિક પ્રસંગોની માહિતી આપતા હાજર તમામ ભાવવિભોર બની ગયા હતા. ભારતીય સંસ્કૃતિના સિદ્ધાંતોને જીવંત રાખતા નવયુગ વિદ્યાલયે ૧૩ ફેબ્રુઆરી, ગુરુવારના રોજ એક અનોખી ઉજવણી કરી હતી. આમ તો આજના યુવા પેઢી વેલેન્ટાઇન ડેના ઉજવણીમાં વ્યસ્ત રહે છે, પરંતુ નવયુગ વિદ્યાલયે માતૃ-પિતૃ પૂજન પર્વ ઉજવી સનાતન સંસ્કૃતિની જાળવણી કરી હતી. આપણી ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરનારા સનાતન ધર્મરૂપી વેદના અમોક વાક્યોને, પમાતૃદેવો ભવથ, પપિતૃદેવો ભવથને સાર્થક કરનારું પર્વ માતૃ-પિતૃ પૂજન કાર્યક્રમ હેતુ ધોરણ-ચાર થી આઠના વિદ્યાર્થીઓએ પોતાના માતા-પિતા અને દાદા-દાદી તેમજ ગુરુજન સાથે આ દિવ્ય કાર્યક્રમમાં જોડાયા હતા. ત્યારે આ ભવ્ય માતૃ-પિતૃ પૂજન કાર્યક્રમમાં યોગ વેદાંત સમિતીના સુરેન્દ્રનગરથી વિદ્વાન વક્તા દેવિકાબેનવિશેષ ઉપસ્થિત રહી તેમણે માતા-પિતાને લગતી રહસ્યમયતેમજ કાર્તિકિય અને ગણેશજીને લગતીઆધ્યાત્મિક વાતો કરી વિદ્યાર્થીઓ અને માતા પિતાને ભાવવિભોર બનાવી દીધા હતા, આ ઉપરાંત વિદ્યાર્થીઓ માતા-પિતાનું મહાત્મ્ય સમજી અને જીવનમાં પ્રેરણાદાયક વચનોથી બંધાઈને આ પર્વની ખૂબ જ ધામધૂમથી ઉજવણી કરી અને આવનારી પેઢીને એક નવો ચિતાર આપ્યો હતો.

# કારખાનામાં ૧.૮૦ લાખના પિત્તળના માલની તસ્કરીમાં બેલડી પકડાઈ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગરના શંકરટેકરી ઉદ્યોગનગરમાં સ્થિત એક કારખાનામાંથી ત્રણેક માસ દરમિયાન રૂા. ૧.૮૦ લાખની કિંમતનો પીત્તળનો ૩૫૪ કિલો જેટલો માલ ઉઠાવી જવા અંગે કારખાનેદારની ફરીયાદ પરથી પોલીસે એક શ્રમિક સહિતના સામે ગુનો નોંધ્યો હતો. જે બનાવમાં પોલીસે તપાસ હાથ ધરીને બે શખસોને પકડી પાડયા છે.પોલીસે ચોરાઉ પિત્તળનો માલ પણ કબજે કરી પુછપરછ સાથે તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રોમાંથી મળતી વિગત અનુસાર શહેરના રામેશ્વરનગર પાસે નવજીવન સોસાયટીમાં રહેતા અને શંકરટેકરી ઉદ્યોગનગરમાં દુર્વા મેટલ્સ નામનું કારખાનુ ચલાવતા મયુરસિંહ રતનસિંહ રાઠોડે પોલીસમાં પોતાના કારખાનામાં નોકરી કરતા રવિ ઉર્ફે રવિરાજસિંહ ભાવસિંહ જાડેજા તથા અન્ય દિલીપસિંહ વંડાજી પઢીયાર સામે ફરિયાદ નોંધાવી હતી.જેમાં જાહેર થયા મુજબ રવિ ઉર્ફે રવિરાજસિહ જાડેજાએ ત્રણેક માસમાં કારખાનામાંથી રૂા. ૧.૮૦ લાખથી વધુની કિંમતનો પિત્તળનો માલ ચોરી કર્યો હતો અને આ સામાન સગે વગે કરવા માટે દિલીપસિંહની મદદ મેળવી હોવાનુ જાહેર થયુ હતુ.

જે દરમિયા પોલીસે તપાસ શરૂ કરી હતી જેમાં સીટી સી પોલીસ ટુકડીને આ ચોરાઉ માલ ગોકુલનગર નજીક બાવળની ઝાળીઓમાં સંતાડાયો હોવાની



અને તેને સગે વગે કરવાની પેરવી ચાલી રહી હોવાની બાતમી મળી હતી જે બાતમીના આધારે રવિરાજસિંહ ભાવસિંહ તથા દિલીપસિંહ પઢીયારને પકડી પાડી પિત્તળનો રૂા. ૧.૮૦ લાખની કિંમતનો ૩૫૪ કિલો જેટલો ચોરાઉ મુદામાલ પણ કબજે કર્યો હતો. પોલીસે બંને શખસોની ઘનિષ્ઠ પુછપરછ સાથે વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબીમાં લીલાપર કેનાલ રોડ ઉપર વાડી વિસ્તારના રહેણાંકમાંથી વિદેશી દારૂની ૭૨ બોટલ સાથે એકની અટક

## વિદેશી દારૂનો જથ્થો સપ્લાયર કરનારનું નામ ખુલતા કુલ બે આરોપી વિરુદ્ધ ગુનો દાખલ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી સીટી એ ડિવિઝન પોલીસે મળેલ બાતમીને આધારે લીલપે કેનાલ રોડ ઉપર આવેલ વાડી-વિસ્તારના રહેણાંક મકાનમાં રેઈડ કરી વિદેશી દારૂની બોટલ નંગ-૭૨ ના જથ્થા સાથે એક આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો, જ્યારે વિદેશી દારૂનો જથ્થો આપનાર વાવડી રોડ ખાતે વાડી-વિસ્તારમાં રહેતા શખ્સનું નામ ખુલતા પોલીસે તેને ફરાર દર્શાવી બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી ફરાર આરોપીની શોધખોળ શરૂ કરી છે.



મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલીગમા હોય દરમ્યાન હિતેષભાઈ ચાવડા તથા સિધ્ધરાજસિંહ જાડેજાને સંયુક્ત બાતમી હકિકત મળેલ કે શહેરના લીલાપર કેનાલ રોડ ઉપર બોરીયાપાટી ભાંડીયાની વાડી વિસ્તારમાં રહેતો મુકેશભાઈ નકુમ પોતાના કબ્જા ભોગવટાવાળા મકાનમાં ઈંગ્લીસ દારૂની બોટલો રાખી તેનું વેચાણ કરે છે. જે હકિકત આધારે એ ડિવિઝન પોલીસે ઉપરોક્ત રહેણાંક મકાને રેઈડ કરી હતી, ત્યારે મકાનમાંથી વિદેશી દારૂ રોયલ સ્ટગ વ્હિસ્કીની ૭૨ બોટલ કિ.રૂ.૪૮,૬૫૬/- સાથે આરોપી મુકેશભાઈ લખમણભાઈ નકુમ રહે.મોરબી લીલાપર કેનાલ રોડ બોરીયાપાટી ભાંડીયાની વાડીવાળાની અટક કરવામાં આવી હતી.

બીજીબાજુ પકડાયેલ આરોપીની સઘન પૂછતાછમાં વિદેશી દારૂ આપનાર ઈશ્વરભાઈ ઉર્ફે બાલો કરશનભાઈ કણઝારીયા રહે.મોરબી વાવડી રોડ હદાણીની વાડીવાળાના નામની કબુલાત આપતા એ ડિવિઝન પોલીસે તેને ફરાર દર્શાવી તેને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે


# મોરબીના હળવદ હાઈવે ઉપર કારની ઠોકરે બાઈક ચાલકનું સારવારમાં મોત

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના હળવદ હાઈવે ઉપર ઘુટુ ગામ નજીક વધુ એક અકસ્માતના બનાવમાં હોટલ સંચાલકનું મૃત્યુ નીપજ્યું હતું. જેમાં સ્વીફ્ટ કારના ચાલકે પોતાનું વાહન ફૂલ સ્પીડમાં ચલાવી સામેથી આવતા બાઈકને હડફેટે લેતા બાઈક ચાલકને શરીરે ગંભીર ઈજાઓ પહોચતા તેને તુરંત સારવાર અર્થે મોરબી બાદ વધુ સારવારમાં રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા જ્યાં સારવાર મળે તે પહેલાં તેમનું મૃત્યુ નીપજ્યું હતું, અકસ્માત સર્જી સ્વીફ્ટ કારનો ચાલક સ્થળ ઉપર કાર રેઢી મૂકીને નાસી ગયો હતો. ત્યારે સમગ્ર અકસ્માતના બનાવમાં મૃત્યુ અંગે મૃતકના પુત્રની ફરિયાદને આધારે તાલુકા પોલીસે કાર ચાલક આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીના ઉંચી માંડલ ગામ નજીક ચામુંડા હોટલમાં રહેતા મૂળ બોટાદ જીલ્લાના કાનીયાડ ગામના વતની પ્રવીણભાઈ નાથાભાઈ કાલીયા ગઈ તા.૦૭/૦૨ના રોજ રાત્રીના સાડા દસ વાગ્યા આજુબાજુ ઘુટુ ગામથી પોતાની ચામુંડા હોટલે બજાજ ડિસ્કવર મોટર સાયકલ રજી. નં. જીજે-૦૩-ડીએ-૫૭૬૩ લઈને આવતા હોય તે દરમિયાન પ્રવીણભાઈ ઘુટુ ગામથી ઉંચી માંડલ ગામ વચ્ચે નેક્સીઓન સીરામીક સામે રોડ ઉપર પહોંચ્યા હોય ત્યારે સામેથી ફૂલ સ્પીડમાં આવતી સ્વીફ્ટ કાર રજી.નં. જીજે-૩૬-એએફ-૨૨૦૬ ના ચાલકે પોતાની કાર ગફલતભરી રીતે ચલાવી પ્રવિનભસીના બાઈકને સામેથી ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો, જે અકસ્માતમાં પ્રવીણભાઈ મોટર સાયકલ સહિત રોડ ઉપર પટકાયા હતા, જેથી તેઓને સારવાર અર્થે પ્રથમ સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા જ્યાં પ્રવિનભાઈને પગ અને પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોચી હોવાનું જણાવી વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરાયા હતા જ્યાં હાજર ડોક્ટરે જોઈ તપાસી પ્રવિણભાઈને મૃત જાહેર કર્યા હતા, જ્યારે અકસ્માત સર્જી સ્વીફ્ટ કાર રેઢી મિકી નાસી જનાર કાર ચાલક વિરુદ્ધ મૃતકના પુત્ર વિપુલભાઈ પ્રવીણભાઈ કાલીયા એ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી કાર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી તેની અટક કરવા આગળની તપાસ ચલાવી છે.

# મોરબીના રાજપર(કુંતાશી) ગામે જામગરી બંદૂક સાથે એક પકડાયો



મોરબી તાલુકા પોલીસે પૂર્વ બાતમીને આધારે રાજપર( કુંતાશી ) ગામની સીમમાંથી એક ઈસમને દેશી હાથ બનાવટી જામગરી બંદુક (હથિયાર) સાથે પકડી લઈ તેની વિરુદ્ધ હથિયાર ધારા હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. મોરબી તાલુકા પોલીસ મથકના સંજયસિંહ ઘનશ્યામસિંહ જાડેજા તથા વિજયભાઈ નાથાભાઈ ડાંગરને ખાનગીરાહે મળેલ બાતમીને આધારે તાલુકા પોલીસ ટીમ દ્વારા રાજપર(કુંતાશી) ગામની સીમમાંથી આરોપી કરીમભાઈ ફલુભાઈ લુણાઈ ઉવ-૪૫ રહે.ઉંટબેટ સામપર તા-જી મોરબીવાળાને દેશી બનાવટની જામગરી બંદુક કિ.રૂ.૨ હજાર સાથે શંકાસ્પદ હરકત કરતો મળી આવતા તેની અટક કરવામાં આવી છે. પકડાયેલ આરોપી વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં આર્મ્સ એકટ હેઠળ ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીના સામાકાંઠે માર્કેટિંગની દુકાનમાં વેપારી વિદેશી દારૂની ૫૮ બોટલ સાથે પકડાયો



મોરબીના સામાકાંઠા વિસ્તારમાં આવેલ વિશાલ ફરનીકગરની બાજુમાં વિનાયક માર્કેટિંગ નામની દુકાનમાં વેપારી વિદેશી દારૂનો ગોરખધંધો કરતો હોવાની પૂર્વ બાતમીને આધારે પોલીસે રેઈડ કરતા દુકાનમાંથી વિવિધ બ્રાન્ડની ૫૮ નંગ બોટલ સાથે સ્થળ ઉપર હાજર આરોપી વેપારી-યુવકની અટક કરવામાં આવી છે. મળતી માહિતી અનુસાર મોરબી બી ડિવિઝન પોલીસ ટીમને બાતમી મળી હતી કે મોરબી-૨ માં વિનાયક માર્કેટિંગ નામની દુકાનમાં આરોપી આકાશભાઈ ધનજીભાઈ પટેલ ઉવ.૩૦ રહે.મોરબી રવાપર રોડવાળો પોતાની માલીકીની દુકાનમાં વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે જેથી તુરંત બી ડિવિઝન પોલીસ ટીમે ઉપરોક્ત વિનાયક માર્કેટિંગ નામની દુકાનમાં રેઈડ કરી હતી, ત્યારે આરોપી આકાશ પટેલ હાજર મળી આવ્યો હતો આ સાથે દુકાનમાંથી વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની ૫૮ બોટલ કિ.રૂ.૩૬,૪૮૨/-મળી આવતા આરોપી આકાશ પટેલની સ્થળ ઉપરથી અટકાયત કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી પોલીસે આ ગોરખધંધામાં અન્ય કેટલા આરોપીઓ સંડોવાયેલ હોય તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# રાજકોટના મહિલાનું ઈકો કારમાં ભુલાઈ ગયેલું લેપટોપ જામનગર પોલીસે શોધી પરત કર્યું



જામનગર રાજકોટના એક મહિલા ખાનગી ઈકો કારમાં બેસીને જામનગર આવ્યા હતા ત્યારે તેમનું લેપટોપ ઈકો કારમાં ભુલાઈ ગયુ હતું તેણે પોલીસ નો સંપર્ક કરતાં કમાન્ડ એન્ડ કંટ્રોલરૂમ દ્વારા ઈકો કાર ને શોધી કાઢી ને તેના ચાલક પાસે થી લેપટોપ મેળવી ને અરજદારને આપી દેવામાં આવ્યું હતું.અરજદાર. આશા એસ. રાજ નાયર રાજકોટ એસ. જી. ગરેચા આર્યુવેદીક કોલેજ ના આસી. પ્રોફેસર રહે. આર્ય ભગવતી સોસાયટી સરમત જી. જામનગર જેઓ રાજકોટ થી જામનગર આવવા માટે ઈકો ગાડીમાં બેસેલ હતા. જે દરમ્યાન સાત રસ્તા સર્કલ ઉતરી ને ઘરે જતી વખતે યાદ આવેલ કે પોતાનુ લેપટોપ કિ.રૂ. ૮૦,૦૦૦ આ ઈકોગાડીમાં ભુલાઈ ગયેલ હોય જે બાબતે કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમનો સંપર્ક કરતા એ.એસ.આઈ પી.એ.ખાણધર, પો.હેડ.કોન્સ. પ્રદિપસિંહ સોઢા, તથા પો.કોન્સ જેશાભાઈ ડાંગર તથા મિતલબેન સાવલીયા સહિતના અધિકારી.કર્મચારી દ્વારા અલગ અલગ સીસીટીવી ની મદદ થી અરજદાર ઈકો નં. જીજે-૧૦-ટી એક્સ -૩૮૬૫ માં બેસેલનું જણાતા સોફ્ટવેરની મદદથી ઈકોના માલિકનો સંપર્ક કરી તેની પાસેથી ઈકોચાલકના મોબાઈલ નંબર મેળવી તેનો સંપર્ક કર્યો હતો અને ઉપરોક્ત લેપટોપ ઈકોચાલક પાસે થી મેળવી ને અરજદાર ને ગણતરી ની કલાકમાં સોંપી આપવામા આવ્યું હતું. જેથી તેઓએ પોલીસ ટીમનો આભાર માન્યો હતો.

# મોરબીમાં વ્યાજની પઠાણી ઉઘરાણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા વ્યાજખોર સામે ફરીયાદ નોંધાઈ

## માસિક 30 ટકા લેખે વ્યાજની વસુલાત કરતા વ્યાજખોરે બળજબરીપૂર્વક કોરા ચેક પડાવ્યા

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીમાં વધુ એક વ્યાજખોરીનો ભોગ બનતા યુવકે વ્યાજખોર સામે બંડ પોકારી કાયદાનું શરણ લીધું છે, જેમાં ખાનગી નોકરી કરતા યુવકે નવો ધંધો શરૂ કરવા ત્રણ મહિના પહેલા માસિક ૩૦ ટકા લેખે રૂ. ૧ લાખ વ્યાજે લીધા હતા ત્યારે ચમડાતોડ વ્યાજની ચુકવણીમાં ૭૦ હજાર જેટલી રકમ ચૂકવી દીધા બાદ પણ હજુ ૧.૭૦ લાખ આપવાનું કહી પઠાણી ઉઘરાણી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા વ્યાજખોરથી કંટાળી યુવકે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી વ્યાજખોર સામે નાણા ધીરધાર અધિનિયમ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.




મળતી વિગતો મુજબ, મોરબીના વાવડી રોડ ભક્તિનગર મકાન નં.૧ માં રહેતા હર્ષદભાઈ મનુભાઈ કણજારીયા ઉવ.૨૮ એ સીટી એ ડિવિઝનમાં આરોપી કૃણાલ શાહ રહે.કાલિકા પ્લોટવાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ફરીયાદી હર્ષદભાઈ ખાનગી નોકરી કરતા હોય ત્યારે મકાન, મોટર સાયકલ અને મોબાઈલની લોનના અને અન્ય બીજો ધંધો કરવા આજથી ત્રણ મહિના પહેલા આરોપી કૃણાલ શાહ પાસેથી ઉંચા વ્યાજે રૂપિયા ૧,૦૦,૦૦૦/- ત્રીસ ટકા લેખે વ્યાજે નાણા લીધેલ હતા, જે દરમિયાન ફરિયાદી હર્ષાભાઈએ આરોપીને વ્યાજ પેટે રૂપિયા ૭૦,૦૦૦/- જેટલી રકમ ચુકવી આપેલ હોવા છતા વધુ રૂપિયા ૧,૭૦,૦૦૦/-ની વ્યાજની માંગણી કરેલ અને બળજબરી પુર્વક આરોપીએ રૂપીયાની પઠાણી ઉઘરાણી કરી ગાળો બોલી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હોય જે મુજબની ફરિયાદને આધારે સીટી એ ડિવિઝન પોલીસે આરોપી સામે ગુનો દાખલ કરી આગળની તપાસ ચલાવી છે.

# કારખાનામાં ચોરી કરનાર બે શખ્સોની ધરપકડ

જામનગરના શંકરટેકરી ઉદ્યોગનગરમાં સ્થિત એક કારખાનામાંથી ત્રણેક માસ દરમિયાન રૂા. ૧.૮૦ લાખની કિંમતનો પીત્તળનો ૩૫૪ કિલો જેટલો માલ ઉઠાવી જવા અંગે કારખાનેદારની ફરીયાદ પરથી પોલીસે એક શ્રમિક સહિતના સામે ગુનો નોંધ્યો હતો. જે બનાવમાં પોલીસે તપાસ હાથ ધરીને બે શખસોને પકડી પાડયા છે.પોલીસે ચોરાઉ પિત્તળનો માલ પણ કબજે કરી પુછપરછ સાથે તપાસ હાથ ધરી છે.પોલીસ સુત્રોમાંથી મળતી વિગત અનુસાર શહેરના રામેશ્વરનગર પાસે નવજીવન સોસાયટીમાં રહેતા અને શંકરટેકરી ઉદ્યોગનગરમાં દુર્વા મેટલ્સ નામનું કારખાનુ ચલાવતા મયુરસિંહ રતનસિંહ રાઠોડે પોલીસમાં પોતાના કારખાનામાં નોકરી કરતા રવિ ઉર્ફે રવિરાજસિંહ ભાવસિંહ જાડેજા તથા અન્ય દિલીપસિંહ વંડાજી પઢીયાર સામે ફરિયાદ નોંધાવી હતી.જેમાં જાહેર થયા મુજબ રવિ ઉર્ફે રવિરાજસિહ જાડેજાએ ત્રણેક માસમાં કારખાનામાંથી રૂા. ૧.૮૦ લાખથી વધુની કિંમતનો પિત્તળનો માલ ચોરી કર્યો હતો અને આ સામાન સગે વગે કરવા માટે દિલીપસિંહની મદદ મેળવી હોવાનુ જાહેર થયુ હતુ.જે દરમિયા પોલીસે તપાસ શરૂ કરી હતી જેમાં સીટી સી પોલીસ ટુકડીને આ ચોરાઉ માલ ગોકુલનગર નજીક બાવળની ઝાળીઓમાં સંતાડાયો હોવાની અને તેને સગે વગે કરવાની પેરવી ચાલી રહી હોવાની બાતમી મળી હતી જે બાતમીના આધારે રવિરાજસિંહ ભાવસિંહ તથા દિલીપસિંહ પઢીયારને પકડી પાડી પિત્તળનો રૂા. ૧.૮૦ લાખની કિંમતનો ૩૫૪ કિલો જેટલો ચોરાઉ મુદામાલ પણ કબજે કર્યો હતો. પોલીસે બંને શખસોની ઘનિષ્ઠ પુછપરછ સાથે વધુ તપાસ હાથ ધરી છે.બાઈકમાંથી રોકડ ભરેલી થેલી ઉઠાવનાર ઝબ્બે શહેરમાં અગાઉ રૂા. ૪૯,૫૦૦ની રોકડ સાથે બેન્ક પાસબુકની ચોરી થયાનો બનાવ સીટી બી પોલીસમાં નોંધાયો હતો જે બનાવનો ભેદ ઉકેલવા પોલીસે સીસીટીવી ફટેજની મદદ મેળવી તપાસ હાથ ધરતા એક શકમંદ જોવા મળ્યો હતો જે દરમિયાન પોલીસને ઉકત શખસે જુના રેલ્વે સ્ટેશન પાસે હોવાની માહિતી મળી હતી જેથી ત્વરીત ત્યાં દોડી જઈ પોલીસે કમલેશ ભીખુભાઈ પીત્રોડાને સકંજામાં લીધો હતો જેના કબજામાંથી રૂા. ૪૯,૫૦૦ની રોકડ અને બેન્ક પાસબુકવાળી થેલી મળી આવી હતી.પોલીસ પુછપરછમાં ઉકત રોકડ ભરેલી થેલી ત્રણ દરવાજા પાસે બાઈકના હુકમાંથી ઉઠાવી હોવાની કેફિયત તેણે આપી હતી.પોલીસે રોકડ-બેન્ક પાસબુક કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રવિવારે પૂ.ધીરજમુનિ મ.ની પાવન નિશ્રામાં મહાવીર ભવન તથા જૈન બોર્ડિંગનો યોજાશે ઉદઘાટન સમારોહ

## અભય ભારદ્વાજ હોલમાં સમૂહ આયંબીલ, તા.૧૪-૧૫ના વૈશાલીનગર ઉપાશ્રયે નિઃશુલ્ક મેડીકલ કેમ્પનું આયોજન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરની મધ્યમાં માલવીયા ચોક ખાતે ૮,૦૦૦ વાર જમીનના પ્લોટમાં જયાં ૬૦-૬૦ જૈન ધર્મની દીક્ષાઓ ઉજવાયેલ છે. તે ગ્રાઉન્ડમાં ટ્રસ્ટીમંડળની શુભ ભાવનાથી નપરમાર્થ દ્દષ્ટા પરમ હિતકારી જગમેં સંતથ-સૂત્રને ચરિતાર્થ કરનારા દીર્ઘદ્રષ્ટા શતાધિક ઉપાશ્રય નિર્માણ પ્રણેતા પૂ.શ્રી ધીરગુરૂદેવની પ્રેરણાથી રાજકોટના વતની હાલ કોલકાતા ડો.સી.જે. દેસાઈની સ્મૃતિમાં ચંદ્રવદનભાઈ દેસાઈએ અદ્યતન મહાવીર ભવન અને ઈથોપીયાવાળા સુશીલાબેન ઈન્દુભાઈ બદાણીએ ૬,૦૦૦ સ્કેવર ફીટના મહાવીર હોલ નામકરણમાં તેમજ ૧૧૫ વર્ષ જૂની જૈન બોર્ડિંગના કાયાકલ્પનો પૂર્વ વિદ્યાર્થી અને જૈન અગ્રણી શશીકાંત જી. બદાણીએ માતબર અનુદાન અર્પણ કરી મુખ્ય નામકરણનો લાભ લીધેલ છે.

બ્રિટીશરાજ અને રાજવીઓના સમયમાં જૈઅન વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસથી વંચિત ન રહે તેવા શુભાશયથી રાજકોટના જૈનશ્રેષ્ઠી ત્રિભુવન પ્રાગજી અને દેવજી પ્રાગજી પારેખે સેવાભાવથી સવલત આપવાની કેડી કંડારવાનો નિશ્ચય કર શહેરની મધ્યમાં ૧૧ હજાર વાર જમીન ખરીદ કરી ૧૯૦૮માં શ્રી દશાશ્રીમાળી અને વણિક જૈન વિદ્યાર્થી ભવનની સ્થાપના કરેલ.

પરિસરમાં ત્રિભુવન ભવન, ડો. પ્રાણજીવનદાસ મહેતા અને હેમચંદ ધારશી વિદ્યાર્થી ગૃહ એમ ૩ મકાનનું રાજકોટના ઠાકોર સાહેબશ્રી લાખાજી રાજ બહાદુરના પ્રમુખ પદે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના વરદહસ્તે તા.૧૮-૨-૧૯૨૫ના ખુલ્લા મુકવામાં આવેલ. ત્યારે શ્રીમદ રાજચંદ્રજીએ પધરામણી કરી સંકુલને પાવન કરેલ. આજ સુધીમાં ૨૧ હજારથી વધુ વિદ્યાર્થીઓએ અભ્યાસ કરી શ્રેષ્ઠ કામકીર્દીનું ઘડતર કર વિવિધ ક્ષેત્રમાં અનેરી સિધ્ધી હાંસલ કરી છે.

આ નવ્ય- ભવ્ય- દિવ્ય બોર્ડીંગના નિર્માણમાં સર્વ શશીકાંત જી. બદાણી, માસ્વામી પ્રેરિત બીનાબેન અજયભાઈ શેઠ, શેઠ ડી.એલ. ટ્રસ્ટ, નરભેરામ પાનાચંદ મહેતા, ભુપતલાલ ટપુલાલ શાહ, વસંતભાઈ ટી. તુરખીયા, પ્રમોદાબેન કે. કોટીચા, કસુંબાબેન કેશવલાલ શેઠ, હાર્દિકાબેન જગદીશભાઈ ભીમાણી, નીલમબેન જયકાંત વાધર, જયોતિબેન વિનોદભાઈ દોશી, કુ. ધારા જિતેન્દ્રભાઈ બેનાણી, વોરા વેલફેર ફાઉન્ડેશન, વિમળાબેન ભાઈચંદ દોશી, નિરંજનભાઈ દોશી, વનલીલા મનુભાઈ શાહ વગેરેએ વિવિધ વિભાગમાં તથા રૂમ નામકરણમાં રક્ષા અશ્વિની શાહ, હંસા હેમંતભાઈ ભાયાણી, છગનલાલ શામજી વિરાણી, રંભાબેન ગાઠાણી, ડો.દિનેશ ઉચાટ, કિશોરભાઈ કોરડીયા, કાંતિલાલ સી. દોશી, ચંદ્રીકાબેન પ્રફુલભાઈ જસાણી, ભરત આર. મહેતા, સરલાબેન એચ. કામદાર, છોટુભાઈ મહેતા, જેકુંવરબેન દેસાઈ, માધવીબેન આર. બાવીસી, રતિલાલ રણછોડદાસ વોરા વગેરે લાભાર્થી બન્યા છે.

મહાવીર ભવન નિર્માણમાં ડો. સી.જે. દેસાઈ, સુશીલાબેન ઈન્દુભાઈ બદાણી, ઈશ્વરભાઈ કે. દોશી, સુરેશભાઈ વલ્લભજી વોરા, વિલાસગૌરી મણીલાલ દોશી, કૌમુદીબેન ચુનીલાલ દોશી, અંજુબેન કાર્તિકભાઈ દોશી, ચંચળબેન મોહનલાલ શાહ તેમજ પ્લેટિનમ, ડાયમંડ, ગોલ્ડન, સિલ્વર દાતામાં દાતાઓએ દાનસરિતા વહાવી છે. સંસ્કાર-સેવા સંકુલમાં જૈન બોર્ડીંગમાં વિવિધલક્ષી હોલ, ભોજનાલય અને ૨૪ રૂમ, લાયબ્રેરી, સ્નેહમિલન કક્ષ, જિમનેશિયમ વગેરે તથા મહાવીર ભવનમાં ૬૦ બાય ૧૦૦ની સાઈઝનો વિશાળ હોલ, સેન્ટ્રલી એરકન્ડીશન, વિશાળ પાર્કિંગની સુવિધા, કિચન, વર-કન્યાના અલાયદા રૂમ, અતિથિ કક્ષના વાતાનુકુલીન ૧૦ રૂમ, વગેરે સુવિધા સભર નયનરમ્ય બનાવવામાં આવેલ છે.

પૂ. શ્રી ધીરગુરૂદેવની ૪૪મી દીક્ષા જયંતિ ઉપલક્ષે વિદ્યાર્થી ભુવન અને શ્રી વર્ધમાન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તા.૧૪ના સમૂહ આયંબિલ તપ, અભય ભારદ્વાજ હોલમાં અને તા.૧૪ અને ૧૫ના વૈશાલીનગર ખાતે જશ-પ્રેમ-ધીર સંકુલ મેડીકલ સેન્ટરમાં હાડકા, સ્ત્રીરોગ, આંખની તપાસ માટે વિનામૂલ્યે કેમ્પનું આયોજન છે. તા.૧૫ના સવારે ૯-૩૦ થી ૧૨-૩૦ કલાકે હેમુગઢવી હોલમાં યુવાદાતા પ્રણય સી. દેસાઈ અને ધ્રુમન શાહની અધ્યક્ષતામાં સંયમ અભિવંદના સમારોહ યોજાશે.

તા.૧૫ના બપોરે ૪થી ૫ કલાકે મહાવીર ભવન, માલવીયા ચોક, પરિસરમાં ક્ષેત્ર વિશુધ્ધિ જાપ રાખેલ છે. ઉદઘાટન સમારોહ તા.૧૬ને રવિવારે સવારે નવકારશી બાદ ૯ કલાકે રાષ્ટ્રીય શાળાથી વાજતે ગાજતે શોભાયાત્રા અને



(તસ્વીરઃ આનંદ જાવિયા)

મહાવીર ભવન ઉદઘાટન સમારોહ અમેરિકાના જયંતભાઈ કામદારના પ્રમુખ પદે યોજાશે. આ પ્રસંગે ચંદ્રવદનભાઈ દેસાઈ, હિરેનભાઈ શાહ, અરવિંદભાઈ ગોડા, મહેન્દ્રભાઈ દોશી, અનિલભાઈ ઓમનવાળા, દિનેશભાઈ ગાઠાણી, અભયભાઈ સરવૈયા, માલિનીબેન સંઘવી, પ્રફુલભાઈ મોદી, શરદભાઈ શેઠ, બકુલેશભાઈ વિરાણી, રમેશભાઈ વોરા, દર્શનાબેન દોશી, નિમેષભાઈ કોઠારી, હિમાંશુભાઈ બોટાદરા, અતુલ દોશી, મિતેશ સંઘવી, અનિશ બદાણી, શશીકાંતભાઈ શેઠ, પ્રફુલાબેન કામદાર વગેરે દેશ-વિદેશના મહેમાનો ઉપસ્થિત રહેશે.

# મેયરના પ્રયાગરાજ પ્રવાસના વિવાદમાં યુ-ટર્ન

## ચેરમેને કહ્યું હતું- પ્રતિ કિ.મી. ૨ રૂપિયા ચૂકવી બહાર જઈ શકે, મેયરે પરત આવી પ્રતિ કિ.મી. ૧૦ લેખે ચૂકવણી કરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટનાં પ્રથમ નાગરિક નયનાબેન પેઢડીયા સરકારી ઈનોવા કાર લઈને મહાકુંભમાં ગયા હતા. જેમાં તેઓ માત્ર રૂ. ૨ લેખે કાર લઈ ગયાનું સામે આવ્યા બાદ મેયરે રૂ. ૧૦ પ્રતિકિમીની ચુકવણી કરવાનું જાહેર કર્યું હતું. ગત મોડીરાત્રે મેયરનો આ પ્રવાસ પૂર્ણ થતાં આજે સવારે કાર ફાયર વિભાગને પરત સોંપવામાં આવી હતી. આ કાર કુલ ૩૪૭૮ કિમી દોડી હોવાથી મેયરે પ્રતિકિમી રૂ.૧૦ લેખે ૩૪,૭૮૦નું બિલ પણ ભર્યું હતું. આવા પ્રવાસ માટે પ્રતિકિમી રૂ. ૧૦ ચૂકવવાનો ઠરાવ અગાઉ જ થઈ ચૂક્યો હોવાની સ્પષ્ટતા મેયરનાં પીએ દ્વારા કરવામાં આવી હતી. જો કે, વિવાદ થતા સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને પ્રતિ કિ.મી. ૨ રૂપિયાનો જ દર હોવાની વાત કરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ ગત તા. ૬થી ૧૨ ફેબ્રુઆરી દરમ્યાન રાજકોટનાં મેયર નયનાબેન પેઢડીયા તેમના પતિ તેમજ મહિલા મોરચાના અધ્યક્ષ સહિતનાઓ સાથે મહાકુંભનાં પ્રવાસે ગયા હતા. દરમિયાન તેઓ સરકારી ગાડી લઈને પ્રજાનાં પૈસે ફરતા હોવાની વાતો વહેતી થઈ હતી. અને મેયરની કાર ઉપર કપડાં સુકવેલા હોવાના ફોટાઓ પણ વાયરલ થયા હતા. જે-તે સમયે સ્ટેન્ડિંગ ચેરમેને નિયમ મુજબ તેઓ માત્ર રૂ. ૨ પ્રતિકિમી ચૂકવી ગુજરાત બહાર જઈ શકે છે, તેવી વિગતો આપી હતી. જેને લઈને વિપક્ષ કોંગ્રેસ અને આપ દ્વારા પણ વિરોધ પ્રદર્શનો કરાયા હતા જોકે મેયરે પોતે રૂ.૧૦ ચૂકવનાર હોવાનું જણાવ્યું હતું.

ગઈકાલે મોડીરાત્રે મેયર મહાકુંભનાં આ પ્રવાસમાંથી પરત ફર્યા હતા. જેને પગલે નિયમ મુજબ આજે તેમની કાર ફાયર વિભાગમાં જમાં કરાવવામાં આવી હતી. જ્યાં તેમની કાર કુલ ૩૪૭૮ મીટર ચાલી હોવાનું સામે આવતા પ્રતિકિમી રૂ. ૧૦ લેખે ૩૪,૭૮૦ રૂપિયાનું બિલ આપવામાં આવ્યું હતું. આ બિલ તરત જ ભરી દેવામાં આવ્યું હતું. જોકે પ્રવાસથી થાકેલા મેયર આજે મહાનગરપાલિકા કચેરીએ આવ્યા નહોતા. તેમજ કાર ફાયર વિભાગ દ્વારા જમા લેવામાં આવી હોવાથી મનપા કચેરીમાં તેઓની કાર પણ જોવા મળી નહોતી.

પદાધિકારીઓ અને અધિકારીઓની વીઆઈપી વાહન વ્યવસ્થા સંભાળતા રાજકોટ મહાપાલિકાના ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર અમિત દવેએ દિવ્યભાસ્કરને આ અંગે જણાવ્યું હતું કે, મેયરની કાર કચેરીમાં આવી ચૂકી છે. અને તેની જમા નોંધ પણ થઈ ગઈ છે. તેઓની કાર આ પ્રવાસ દરમિયાન કુલ ૩૪૭૮ કિલોમીટર ચાલી હોય તેમને પ્રતિકિમી રૂ. ૧૦ લેખે ૩૪,૭૮૦નું બિલ આપવામાં આવ્યું હતું. આ બિલ પણ તેમના દ્વારા ભરી દેવામાં આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, મેયરના મહાકુંભ પ્રવાસ દરમિયાન તેમની કાર ઉપર



કપડાં સુકાતા હોવાના ફોટાઓ સામે આવ્યા હતા. તેમજ મેયર રૂ. ૨ પ્રતિકિમી ચૂકવવાના હોવાનું જાણવા મળ્યું હતું. જેને લઈને વિપક્ષ દ્વારા આ પ્રવાસનો વિરોધ કરવામાં આવ્યો હતો. તેમજ લોકોમાં પણ પ્રજાના પૈસે મેયર જાત્રા કરવા ગયા હોવાની વાતો વહેતી થઈ હતી. જોકે મેયરે પરત ફરતાની સાથે તેમની કાર નિયમ મુજબ જમા કરાવીને રૂ. ૧૦ પ્રતિકિમી લેખે ૩૪,૭૮૦નું બિલ ચૂકવી દીધું છે. આમ છતાં આગામી ૧૯ ફેબ્રુઆરીએ મળનાર જનરલ બોર્ડમાં વિપક્ષ આ મુદ્દાને ઉઠાવે તેવી પૂરતી શક્યતા છે.


# પુનીતના ટાંકા પાસે કેટરર્સના ધંધાર્થીને મહિલા સહિત ચાર શખ્સોએ મારમારી લુંટ ચલાવી

**મુખ્ય સમાચાર,રાજકોટ**



દોઢસો ફુટ રીંગરોડ પર રહેતા અને કેટરર્સનું કામ કરતા પ્રૌઢને બે મહિલા સહિત ચાર શખસોએ આંતરી મોબાઈલ, રોકડની લૂંટ ચલાવી ફરાર થઈ ગયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી સીસીટીવી આધારે તપાસ હાથ ધરી છે.ગોવર્ધન ચોકની શીવધામ શેરી નં ૪માં રહેતા મહેન્દ્રભાઈ ભીખુભાઈ સરસીયા ઉ.૫૪ નામના પ્રૌઢે માલવીયાનગર પોલીસમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત.તા.૧૨ના કેટરર્સનું કામ પૂર્ણ કરી તેની રીક્ષામાં પરત રાજકોટ આવ્યા હતા.અને મારી સાથે કામ કરતા ચંદુભાઈને પુનીતના ટાંકે તેમજ બીજા બે કેટરર્સના માણસોને મવડી ચોકડીએ ઉતારી બાદ પુનીતના ટાંકાની પહેલા આવેલ સીટી બસ સ્ટેશન સામે પહોંચતા બે અજાણી મહિલાઓએ હાથ ઉંચો કરેલ જેથી તેઓએ રીક્ષા ધીમી પાડેલ અને તેઓ કહી બોલે તે પુર્વે જ બન્ને મહિલા રીક્ષામાં બેસી ગઈ હતી.દરમ્યાન બે અજાણ્યા શખસો દોડીને આવી બે મહિલા સહિત ચારેય મારકુટ કરી મોબાઈલ કિ.૧૪ હજાર અને ખીસ્સામાં રહેલ રોકડ ૧૭૦૦ લઈ રફુચકકર થઈ ગયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી સીસીટીવી આધારે તપાસ હાથ ધરી છે.

# હેપી વેલેન્ટાઈન્સ ડે : હૈયાની વાત હોઠ સુધી લાવવાનો દિવસ











(તસ્વીરઃ આનંદ જાવિયા)

વેલેન્ટાઈન ડે..... એટલે એક દિવસ બે પ્રેમીઓના નામે.... હા, આ એજ દિવસ છે જેણે બે પ્રેમીઓને ડેડીકેટ કરવામાં આવે છે. લોકો ફેબ્રુઆરી મહિનાની ઘણા સમયથી રાહ જોતા હોય છે કારણકે આમાં પ્રેમીઓ ના અલગ-અલગ દિવસોનું આગમન થાય છે. અને એમાં પણ સૌથી વધારે રાહ તો ૧૪ ફેબ્રુઆરી ની જ જોવામાં આવે છે. કારણકે આને દરેક યુવાઓ ઉજવે છે. પહેલા રોઝ ડે, પ્રપોઝ ડે, ચોકલેટ ડે, ટેડી બેર ડે, પ્રોમિસ ડે, હગ ડે, કિસ ડે અને વેલેન્ટાઈન ડે વગેરેનું સેલિબ્રેશન કરવામાં આવે છે. એવામાં હવે વેલેન્ટાઈન ડે ફક્ત પ્રેમ અને ઈઝહાર નો જ દિવસ નથી રહ્યો. આ ખુબ ગીફ્ટ આપવાનો તહેવાર બની ગયો છે. રાજકોટમાં પણ આજે વેલેન્ટાઈન ડે ની યુવા હૈયાઓ દ્વારા ઉજવણી કરાઈ હતી

# રાજકોટમાં ત્રણ બંગાળી કારીગર સોની વેપારીનું ૯૦ લાખનું સોનું લઈ થયા રફુચક્કર

## બે વર્ષથી કામ કરતા શખ્સોએ ૯૫૦ ગ્રામ ફાઈન સોનું અને ૪૦૦ ગ્રામ દાગીના મળી કુલ ૧૧૦૦ ગ્રામ સોનાની છેતરપીંડી કર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં સોનાના દાગીના બનાવતા બંગાળી કારીગરો વેપારીનું લાખોનું સોનું લઈ ભાગી જતા હોવાના બનાવો અવાર-નવાર સામે આવતા રહે છે ત્યારે વધુ એક બનાવમાં સોની વેપારીનું ૯૦ લાખનું ૧૧૦૦ ગ્રામ સોનું લઈ ત્રણ બંગાળી કારીગર ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામી છે. બે વર્ષથી દાગીના બનાવવાનું કામ કરતા કારીગરો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વેપારીની ફરિયાદ પરથી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ વર્ધમાનનગરમાં રહેતા અને દશા શ્રીમાળી હોસ્પિટલ પાછળ પી.આર લેન્ડમાર્ક બિલ્ડીંગમાં રાણપરા ક્રિએશન નામે સોની કામની દુકાન ધરાવતા સોની વેપારી પ્રસન્નભાઈ રમણીકલાલ રાણપરાએ એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે તેની દુકાનમાં સોનાના દાગીના બનાવવાનું કામ કરતા તપસ હરીપાડા દાસ (રે.કલકતા), રાજીબ સપન બેરા(રે. હુગલી, વેસ્ટ બંગાળ) અને સોવીક ઉર્ફે સુબો કાશીનાથ મડેલ (રે. મેદની પુરા)ના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ ત્રણેય આરોપી છેલ્લા બે વર્ષથી તેની દુકાનમાં સોનાના દાગીના બનાવવાનું કામ કરતા હતા અને તેમણે બીજા આઠથી દશ માણસો રાખી દાગીના બનાવવાનું કામ કરતા હતા. તેઓએ ત્રણેય કારીગરોને દાગીના બનાવવા આઠેક મહિના પહેલા આપેલા સોનાનો હિસાબ કરતા ૯૦૦ ગ્રામ ફાઈન સોનાની ઘટ આવી હતી. જોકે તે વખતે તપસે ઘટ પડેલું ૯૦૦ ગ્રામ સોનું કટકે-કટકે ચૂકવી આપવાનું જણાવતા કામ ચાલું રાખ્યું હતું. બાદમાં તપસે ૩૫૦ ગ્રામ સોનું પરત પણ આપ્યું હતું. ત્યાર બાદ તપસે ગ્રાહકોને બતાવવા દાગીના માંગતા તેમણે તા. ૧૧-૧ના ૨૨ કેરેટના ૪૦૦ ગ્રામ સોનાના દાગીના (કિ.૩૧,૧૦,૦૦૦) આપ્યા હતા. આમ કુલ ૯૫૦ ગ્રામ સોનું લેવાનું નીકળતું હતું બાદમાં તા. ૧૨-૧ના ગ્રાહકોને તૈયાર દાગીના આપવાના હોય અને તપસ દુકાને આવ્યો ન હોવાથી તેને ફોન કરતા તેનો ફોન બંધ આવતો હતો. જેથી કારીગર રાજીવ અને રવી શેખને તપસના ઘરે તપાસ કરવા મોકલતા તેનું ઘર બંધ હતું અને તપસે તેનું મકાન ચાર દિવસ પહેલા વેચી નાંખી ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું હતું. જેથી તેને બીજું ૮૯૧ ગ્રામ સોનું બનાવવા આપ્યું હતું. જેનું વજન કરતા તેમાં પણ ૧૫૦ ગ્રામ ફાઈન સોનાની ઘટ આવી હતી. જેથી ત્રણેય કારીગરો રૂ.૯૦ લાખની કિંમતનું ૧૧૦૦ ગ્રામ સોનુ લઈ ફરાર થઈ છેતરપીંડી આચરી હતી. આ અંગે એ ડિવિઝન પોલીસે સોની વેપારીની ફરિયાદ પરથી ત્રણેય કારીગરો સામે ગુનો નોંધી તેની શોધખોળ હાથ ધરી છે.

# સગીર પુત્રી પર દુષ્કર્મ આચરી ગર્ભવતી બનાવનાર પિતાને જન્મટીપ

## હવસખોરે પુત્રીને નાનપણમાં અડપલાં કર્યા બાદ સગીર વયની થતા હવસનો શિકાર બનાવ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં પિતા-પુત્રીના પવિત્ર સંબંધને કલંકિત કરનાર શખ્સે પોતાની માસુમ પુત્રીના અડપલાં કરી કરી કિશોરી વયની થઈ ત્યાં સુધી હવસનો શિકાર બનાવી ગર્ભ રાખી દેવાના પોકસો એકટના ગુનામાં સંડોવાયેલા શખ્સને અદાલતે તકસીરવાન ઠેરવી અંતિમ સ્વાસ સુધીની સજા ફટકારતો હુકમ કર્યો છે. આ કેસની હકીકત મુજબ રાજકોટમાં એ-ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા રીક્ષા ચાલકે વર્ષ ૨૦૨૨માં પોતાની જ પુત્રીને હવસનો શિકાર બનાવ્યાની ભોગ બનનારે હવસખોર પિતા વિરુદ્ધ પોલીસ ચોપડે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીએ પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે ભોગ બનનાર સગીરા જયારે માસુમ બાળકી હતી ત્યારથી તેને ધમકાવી અને શારીરીક અડપલાની શરૂઆત કરેલી અને પછી સગીરા જયારે ૧૩ વર્ષની થયેલી ત્યારે તેની સાથે દુષ્કર્મ આચરતો હતો. ત્યારબાદ પુત્રીને જ હવસનો શિકાર બનાવવાનો સીલસીલો વર્ષો સુધી નરાધમ પિતાએ ચાલુ રાખ્યો હતો. ભોગ બનનાર બાળકમાંથી ધીમધીમે સગીર વયની થયેલી પરંતુ બીકના માર્યા કોઈને કહી શકેલ નહી. ત્યારબાદ ફરીયાદના અરસામાં ભોગબનનાર ગર્ભવતી બનતા આરોપીનો ભાંડો ફૂટયો હતો. જે અંગે ભોગ બનનારની માતાને ખબર પડેલી અને તેને આપેલી હિંમ્મતને આધારે ભોગબનનારે ફરીયાદ નોંધાવી હતી. ફરીયાદના આધારે પોલીસે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. જે કેસમાં તપાસ અધિકારી દ્વારા આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો મળતા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું. ચાર્જશીટ બાદ કેસ અદાલતમાં ચાલવા ઉપર આવતા ભોગબનનાર તેની માતા, પોલીસ સાહેદ, ડી.એન.એ. પરીક્ષણ કરનાર અધિકારી, મેડીકલ ઓફિસરો વિગેરેની જુબાની લેવામાં આવી હતી અને ભોગબનનારના ઉંમર અંગેના પુરાવાઓ પણ રજુ રાખવામાં આવેલા હતા. આ ઉપરાંત ફરીયાદ પક્ષે સરકારી વકીલ દ્વારા દલીલ કરવામાં આવી હતી કે આરોપીએ ખુબ જ ગંભીર ગુનાહિત કૃત્ય કરેલ છે અને તે ગંભીર સજાને પાત્ર છે અને પોકસો એકટમાં આવેલ સુધારાને પણ છણાવટ કરવામાં આવેલી જે તમામ બાબતો ધ્યાને લઈ કોર્ટે આરોપીને તેનું બાકી રહેતુ આયુષ્ય જેલના સળીયા પાછળ પસાર થાય તેવી દલીલ કરવામાં આવી હતી. સરકાર પક્ષે સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલ અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ તેમજ રેકર્ડ પરના તમામ પુરાવાઓને ધ્યાને લઈ પોકસો કોર્ટના ન્યાયાધીશ વી.એ.રાણાએ આરોપીને આજીવન કેદ એટલે કે તેના બાકી રહેતા કુદરતી આયુષ્ય સુધીની સખત કેદની સજા અને રૂા.૧૮ હજારનો દંડ તેમજ ભોગબનનારને ગુજરાત વિકટીમ કમ્પેન્સેસન સ્કીમ ૨૦૧૯ મુજબ રૂા. ૭ લાખનું વળતર ચુકવા આદેશ કર્યો છે. આ કેસમાં સરકાર પક્ષે એ.પી.પી. તરીકે મહેશકુમાર એસ. જોષી રોકાયા હતા.

**MUKHYA SAMACHAR (DAILY EVENING)** Publisher, Editor, Printer & Owner : **RAJDEEPSINH MANOHARSINH ZALA,** Place of Publication : **4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat),** Printed At :**R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT**

રાજકોટ સીવીલ હોસ્પિટલમાં યમરાજનો ઓછાયો

# સાત મહિલા સહિત ૧૭ લોકો મોત

## એક જ દિવસમાં કાળચક્ર ફરી વળતા કરૂણ કલ્પાંતઃ સીવીલ હોસ્પિટલમાં પીએમ રૂમ પર મૃતદેહોની લાઈનો લાગી, હાજર પરિવારજનોનું હૈયાફાટ રૂદન








(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં કાળ ચક્ર ફરી વળ્યું હોય તેમ એક જ દિવસમાં સાત મહિલા સહિત ૧૭ લોકોના મોતથી અરેરાટી વ્યાપી ગઈ હતી. એટેક, અકસ્માત, આપઘાત, બીમારી સાહિતના કારણોથી એક જ દિવસમાં ૧૭ લોકોએ સીવીલ હોસ્પિટલમાં દમ તોડતાં કાલીમાં છવાઈ હતી અને સીવીલ હોસ્પિટલમાં પીએમ રૂમ પર મૃતદેહોની લાઈનો લાગતા હાજર પરિવારજનોનું હૈયાફાટ રૂદન જોવા મળ્યું હતી.

પ્રથમ બનાવમાં રાજકોટમાં કોઠારીયા રોડ પર તિરૂપતિ સોસાયટી શેરી નં.પ/૧૦ ના ખૂણે રહેતાં દયાબેન આશિષભાઈ સોલંકી (ઉ.વ.૩૬) ગર્ભવતી હોય અને ગઈકાલે સાંજના સમયે તેને પ્રસૃતિનો દુખાવો ઉપડતાં તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં.

ત્યારે પ્રસૃતિના અસહ્ય દુઃખવાના કારણે તે બેભાન થઈ જતાં ફરજ પરના તબીબોએ તેને તપાસી મૃત જાહેર કરી હતી. બનાવથી પરીવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

બીજા બનાવમાં વેલનાથપરામાં લોકમાન્ય તિલક ટાઉનશીપમાં રહેતાં હરદેવભાઈ પરમાર (ઉ.વ.૩૫) ગઈકાલે પોતાના ઘરે હતાં ત્યારે કોઈ કારણોસર ટાઉનશીપના સાતમા માળેથી નીચે ઝંપલાવી દેતા શરીરે ગંભીર ઈજા પહોંચતા તેમનું મોત નિપજ્યું હતું. બનાવની જાણ થતાં પોલીસ કાફલો દોડી ગયો હતો અને ક્યાં કારણોસર તેને પગલું ભર્યુ તે અંગે તપાસ આદરી હતી.

ત્રીજા બનાવમાં પારેવડી ચોક ઈન્ઝી બેકરી પાસે ગંગેશ્વરમાં રહેતાં નઈમ હુસેનભાઈ (ઉ.વ.૨૪) ગઈકાલે સાંજે પોતાના ઘરે હતાં ત્યારે કોઈ અગમ્ય કારણોસર પંખાના હુકમાં દોરડું બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી તપાસનો ધમધમાટ આદર્યો હતો. બનાવથી પરિવારમાં કલ્પાંત છવાયો હતો.

ચોથા બનાવમાં ૧૫૦ ફૂટરિંગ લક્ષ્મી છાયા સોસાયટીમાં રહેતાં સુરેશભાઈ મગનભાઈ વાળા (ઉ.વ.૪૫) ગઈકાલે પોતાના ઘરે હતાં ત્યારે અચાનક બેભાન થઈ જતાં તેમને સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. બનાવ અંગે પોલીસે દોડી જઈ કાર્યવાહી કરી હતી. મૃતકને પિત્તાશયની બીમારી હોવાનું સામે આવ્યું છે અને સંતાનમાં બે પુત્રો છે.

પાંચમા બનાવમાં જય ખોડિયાર સોસાયટી પ્લોટ નં.૯૦ માં રહેતાં શોભનાબેન કિશોરભાઈ પરમાર (ઉ.વ.૫૮) ગઈ તા.૧૧ ના તેમના પતિ સાથે બાઈકમાં બેસી જતાં હતા ત્યારે ૧૫૦ ફૂટ રીંગરોડ પર ગોવર્ધન ચોક પાસે અજાણ્યાં બાઈલ ચાલકે ટક્કર મારતાં તેઓ નીચે પટકાયા હતા અને માથામાં ગંભીર ઈજા પહોંચતા ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ સારવાર કારગત ન નિવડતાં તેમનું મોત નીપજ્યું હતી. બનાવ અંગે પોલીસે કાર્યવાહી કરી હતી. બનાવથી પરીવારમાં શોક છવાયો હતો.

છઠા બનાવમાં રાજસ્થાનના બાડમેરમાં રહેતાં રૂખારામ ભીખારામ બેનિવાલ (ઉ.વ.૪૫) ટ્રક લઈ ગઈકાલે બપોરે ત્રણ વાગ્યાની આસપાસ ગોંડલ હાઈવે પર કિશાન પેટ્રોલપંપ પાસે આવેલ હતા અને બાદમાં તેઓ ઈજાગ્રસ્ત હાલતમાં મળતાં તેમને ૧૦૮ મારફત સારવારમાં અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને કાર્યવાહી કરી તપાસ આદરી હતી. મૃતક ટ્રક ચાલક હતા અને તેમને સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર હોવાનું સામે આવ્યું છે.

સાતમાં બનાવમાં કાલાવડ રોડ પર લક્ષ્મીના ઢોળા પર રહેતાં મંજુબેન રમેશભાઈ પરમાર (ઉ.વ.૫૩) પોતાના ઘરે હતાં ત્યારે કોઈ કારણોસર બેભાન થઈ ઢળી પડતાં તેમને સારવારમાં અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં ફરજ પરના તબીબોએ તપાસી તેમને મૃત જાહેર કર્યા હતાં. મૃતક જલારામ હોટલમાં કામ કરતાં અને સંતાનમાં બે પુત્ર હોવાનું સામે આવ્યું છે. બનાવથી પરીવારમાં શોક છવાયો હતો.

આઠમા બનાવમાં ૧૫૦ ફૂટ રીંગરોડ પર ઘંટેશ્વર પાસે સનરાઈઝ પ્રાઈમમાં રહેતાં ભૂમિકાબેન મેહુલભાઈ ઠાકર (ઉ.વ.૩૯) ગઈકાલે તેઓ ઘરે હતાં ત્યારે અચાનક બેભાન થઈ ઢળી પડતાં તેમને સારવારમાં અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. પરંતુ ટૂંકી સારવારમાં તેમને દમ તોડી દેતાં પોલીસ દોડી ગઈ હતી. મૃતક કેન્સરથી પીડિત હતા અને સંતાનમાં એક પુત્ર-પુત્રી હોવાનું સામે આવ્યું છે.

નવમાં બનાવમાં કોઠારીયા રોડ પર ઘનશ્યામનગરમાં રહેતાં ઠાકરસીભાઈ ગોબરભાઈ ખસિયા (ઉ.વ.૫૭) ગઈકાલે પોતાના ઘરે હતાં ત્યારે અચાનક આવેલા હદયરોગના હુમલાથી તેઓ બેભાન થઈ ગયાં હતાં. જે બાદ તેમને સારવારમાં ખસેડાતા સિવિલના ફરજ પરના તબીબોએ તેમને તપાસી મૃત જાહેર કર્યા હતાં. બનાવથી પરીવારમાં શોક છવાયો હતો. મૃતક રીક્ષા ડ્રાઈવિંગ કરતાં અને સાત ભાઈ-બહેનમાં મોટા હતાં.

દસમા બનાવમાં જામનગર રોડ પર સલ્મ ક્વાર્ટરમાં રહેતાં ધનજીભાઈ ગોવિંદભાઈ વાઘેલા (ઉ.વ.૫૫) ગઈકાલે રાત્રે પોતાના ઘરેથી જામનગર રોડ પર આવેલ કનૈયા હોટલ પર ચા પીવા ગયાં ત્યારે ચા ની ચુસ્કી લેતી વેળાએ હાર્ટ એટેક આવતાં તેઓ ત્યાં જ બેભાન થઈ ઢળી પડ્યા હતા.

તેમને સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતાં. બનાવથી પરિવારમાં શોક છવાયો હતો. મૃતક આરએમસીમાં સફાઈ કામદાર હતાં અને સંતાનમાં બે પુત્ર/એક પુત્રી હોવાનું સામે આવ્યું છે.

અગિયારમા બનાવમાં મોચીબજારમાં આવેલ હરિજનવાસમાં રહેતાં કમલેશભાઈ વિનુભાઈ સોલંકી (ઉ.વ.૪૬) ગઈકાલે પોતાના ઘરે હતાં ત્યારે છાતીમાં દુખાવો ઉપડ્યા બાદ બેભાન થઈ જતાં તેમને સારવારમાં અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ સારવાર મળે તે પહેલાં જ તેમનું મોત નીપજ્યું હતું. મૃતકનું હાર્ટ એટેકથી મોત થયાનું સામે આવ્યું હતું. મૃતક છૂટક મજૂરીકામ કરતાં અને સાત ભાઈ-બહેનમાં નાના હતા. બનાવથી પરીવારમાં શોક છવાયો હતો.

બારમાં બનાવમાં રૈયાધારમાં આવેલ સલ્મ ક્વાર્ટરમાં રહેતાં વીણાબેન શૈલેષભાઈ ભટ્ટ (ઉ.વ.૪૯) ગઈકાલે સવારે પોતાના ઘરે હતાં ત્યારે બીમારી સબબ બેભાન થઈ ગયાં હતાં. જેમને સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના તબીબોએ તેમને તપાસી મૃત જાહેર કર્યા હતા. મૃતક કેન્સરની બીમારીથી પીડિત હતાં અને સંતાનમાં એક પુત્ર-પુત્રી છે. બનાવ અંગે પોલીસે દોડી જઈ કાર્યવાહી કરી હતી.

તેરમાં બનાવમાં પારેવડી ચોકમાં આવેલ સદગુરુધામ એપાર્ટમેન્ટમાં રહેતાં નીતિન લક્ષ્મીદાસ કેસરિયા (ઉ.વ.૫૮) ગઈકાલે પોતાના ઘરે બેભાન થઈ જતાં સારવારમાં અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. પરંતુ ટૂંકી સારવારમાં તેમનું મોત નિપજ્યું હતું. મૃતક બારદાનના વેપારી હતાં અને છ ભાઈ-બહેનમાં વચ્ચેટ હતાં. બનાવથી પરીવારમાં શોક છવાયો હતો.

ચૌદમાં બનાવમાં કોઠારીયા રોડ પર બ્રહ્મણી હોલ પાસે રાધેશ્યામ સોસાયટીમાં રહેતાં મણીબેન કુરજીભાઈ સખીયા (ઉ.વ.૮૦) ગઈકાલે પોતાના ઘરે હતાં ત્યારે અચાનક બેભાન થઈ ઢળી પડતાં તેમને સારવારમાં ખસેડાતા ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતાં. બનાવથી પરીવારમાં શોક છવાયો હતો.

પંદરમાં બનાવમાં બેડી ચોકડી પાસે મેલડી માતાના મંદિર બાજુમાં લીમડાના ઝાડ સાથે દોરડું બાંધી અજાણ્યા પ્રૌઢે (ઉ.વ.૫૫) એ ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં પોલીસ કાફલો દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડાયો હતો. પોલીસે મૃતકના વાલી વારસની શોધખોળ આદરી છે.

સોળમાં બનાવમાં કુવાડવા રોડ હાઈવે પર એક અજાણ્યાં વૃદ્ધ ઈજાગ્રસ્ત હાલતમાં પડેલ હોય જે અંગે પોલીસને જાણ થતાં પોલીસ સ્ટાફ દોડી ગયો હતો અને ઈજાગ્રસ્તને સારવારમાં ખસેડાતા ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. બાદમાં મૃતકની ઓળખ જયંતીભાઈ છગનભાઈ ટાંક (ઉ.વ.૬૫) થઈ હતી. વધુમાં પોલીસે તપાસ યથાવત રાખી છે.

સતરમાં બનાવમાં વઢવાણ રહેતા હસીનાબેન યુસુફભાઈ પરમાર (ઉ.વ.૪૨) ગઈકાલે તેઓ રીક્ષામાં બેસી આવતાં હતાં ત્યારે વઢવાણ અને લીમડી વચ્ચે અકસ્માત સર્જાતા રીક્ષા પલટી મારી જતાં તેઓને ગંભીર ઈજા પહોંચતા તેમને સારવારમાં ખસેડાતા ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતાં. બનાવથી પરીવારમાં શોક છવાયો હતો અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી.

# રાજકોટની સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરનાર વીંછીયાનો શખ્સ ઝડપાયો

## બે વર્ષ પહેલા પરિક્રમામાં ઓળખાણ થયા બાદ ચોટીલા અને જસદણ લઈ જઈ શરીર સબંધ બાંધ્યો તો



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રૈયાધાર વિસ્તારમાં રહેતી ૧૭વર્ષીય સગીરા જે ૧૫૦ ફૂટ રીંગરોડ પર આવેલ રામપીર ચોકડી પાસેના એક કોલ સેન્ટરમાં નોકરી કરતી હતી. દરમિયાન સગીરા બે વર્ષ પહેલાં જૂનાગઢ ગિરનારમાં યોજાતી પરિક્રમામાં ગઈ હતી. ત્યારે આરોપી ધર્મેશ ઉર્ફે ધવલ રમેશ બેરાણી (ઉ.વ.૨૧), (રહે. બોટાદ રોડ, વિંછીયા) સાથે આંખ મળી ગઈ હતી અને બંનેએ એકબીજાના નંબરની આપલે કરી હતી. બાદમાં બંને એકબીજા સાથે ફોનમાં વાતચીત કરતાં હતાં. દરમિયાન સગીરાના પરિવારજનોના હાથમાં મોબાઈલ આવતાં ભાંડો ફૂટયો હતો અને તેણી પાસેથી મોબાઈલ ઝુંટવી લીધો હતો. થોડા દિવસ પહેલાં સગીરા ઘરેથી પોતાની નોકરી પર જાય છે તેવું કહીં નીકળી હતી. પરંતુ તે મોડી રાત સુધી ઘરે ન આવતાં તેની શોધખોળ આદરી હતી. પરંતુ પુત્રીનો ક્યાંય પતો ન મળતાં અંતે પોલીસને જાણ કરતાં યુની. પોલીસે અપહરણનો ગુનો નોંધાયો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી યુની. પોલીસ મથકના પીઆઈ એચ.એન.પટેલની રાહબરીમાં પીએસઆઈ સાથે તપાસમાં હતાં ત્યારે એએસઆઈ જગમાલ ખાટાણા, હેડ કોન્સ્ટેબલ પ્રતાપસિંહ મોયા અને વિરેન્દ્રસિંહ ઝાલાને મળેલ ચોક્કસ બાતમીના આધારે સગીરાનું અપહરણ કરી નાસી છૂટનાર આરોપી ધર્મેશ ઉર્ફે ધવલ બેરાણીની ધરપકડ કરી સગીરાને મુક્ત કરાવી હતી. જે બાદ સગીરાનું મેડિકલ ચેકઅપ કરાવતાં તેની સાથે દુષ્કર્મ થયાનું સામે આવ્યું હતું. જે બાદ સગીરાએ પોલીસને જણાવ્યું હતું કે, આરોપી તેને અહીંથી ભગાડી ચોટીલા લઈ ગયો હતો અને ત્યાંથી જસદણ રહેતાં તેના મામાના ઘરે લઈ જઈ બે વખત દુષ્કર્મ ગુજાર્યું હોવાનું ખુલતાં આરોપી સામે અપહરણ, પોકસો, દુષ્કર્મ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

# ૩૧ ગુનામાં સંડોવાયેલ નામચીન શખ્સ પાસા તળે ભુજ જેલમાં ધકેલાયો

■ મારામારી, ઘરફોડ ચોરી અને લૂંટ સહિતના કેસમાં પોલીસે પાસા વોરંટની કરી બજવણી



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરના મવડી મેઈન રોડ નવલનગરમા રહેતા નામચીન અને કુખ્યાત ગણાતા શખ્સને પાસા તળે ભુજ જેલમા ધકેલી દીધો છે. આરોપી વિરુધ્ધ અગાઉ મારામારી, ઘરફોડ ચોરી, છેડતી અને લુંટ સહીત ૩૧ ગુના પોલીસમા નોંધાઈ ચુકયા છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા તેમજ ડીસીપી ઝોન ૨ જગદીશ બાંગરવા અને એસીપી દક્ષિણ બી. ઝજે. ચૌધરીના માર્ગદર્શન હેઠળ મિલકત સબંધી ગુનાની ટેવવાળા શખ્સો ગુનો કરતા અટકે અને ગુનાઓ પર અંકુશ રહે તે માટે શરીર સબંધી ગુનામા પકડાયેલા શખ્સો વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરવા સુચનાઓ આપવામાં આવી હતી. આ મામલે માલવીયાનગર પોલીસના પીઆઈ જે. આર દેસાઈ દ્વારા પોતાની ટીમને સુચના આપતા પીએસઆઈ સિંધી, હેડ કોન્સ. મહેશભાઈ રૂદાતલા, શૈલેષભાઈ ખીહડીયા, અજયભાઈ વિકમા, દિનેશભાઈ બગડા અને પીસીબીના પીઆઈ ગોંડલીયા, એએસઆઈ રાજુભાઈ દહેકવાલ અને હેડ કોન્સ. ઈન્દ્રજીતસિંહ સિસોદીયા સહીતના સ્ટાફે મવડી પ્લોટમા આવેલા નવલનગરમા રહેતા મેહુલ ઉર્ફે ભુરી ઉર્ફે મામો ધનજીભાઈ જેઠવા વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશનરને મોકલતા પોલીસ કમિશનરે પાસા દરખાસ્ત મંજુર કરી પાસા વોરંટ ઈસ્યુ કરતા આરોપી મેહુલ વિરુધ્ધ પાસા વોરંટની બજવણી કરી મેહુલને ભુજની ખાસ જેલમા ધકેલી દેવામા આવ્યો હતો. આરોપી અગાઉ મારામારી, ઘરફોડ ચોરી, ધમકી, છેડતી, તડીપાર, તફડંચી, લુંટ સહીત ૩૧ જેટલા ગુનામા પોલીસ ચોપડે ચડી ચુકયો હતો.

# પૂર્વ પત્નીની રેંકડીએ દૂધ પીવા જતા ફોટોગ્રાફર ઉપર ત્રણ શખ્સોનો ધોકા વડે હુમલો

## મારી પત્નીની રેકડીએ કેમ આવ્યો કહી પતિ સહીત બે શખ્સોએ માર મારી ધમકી આપ્યાની ફરિયાદ

રાજકોટ શહેરમાં રૈયા રોડ પર રહેતો ફોટોગ્રાફર યુવાન પૂર્વ પત્નીની રેકડીએ દુધ પીવા જતા પુર્વ પત્નીના પતિએ મારી પત્નીની રેકડીએ કેમ આવ્યોથ કહી ધોકા વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે પોલી બે શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. જાણા મળતી વિગત મુજબ રાજકોટમાં રૈયા રોડ પર દ્વારકેશ પાર્ક શેરી નં.૮માં રહેતા અને ફોટોગ્રાફીનું કામ કરતા ધર્મેશભાઈ જગદીશભાઈ પરમાર (ઉ.વ.૪૪)એ માલવીયાનગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરીયાદમાં આરોપી તરીકે તેની પૂર્વ પત્ની અવનીના પતિ ચેતન કરગથરા અને તેની સાથેના રાજીવ આહીરનું નામ આપ્યું છે. ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા.૧૧ના રાત્રે ૧૦ વાગ્યે તે ઘરેથી ગોંડલ ચોકડીએ જતો હતો ત્યારે ૧૫૦ ફટ રીંગ રોડ પર ઉમીયા ચોકમાં પહોંચતા શ્રીજી દુધ નામની રેકડીએ દુધ પીવા ઉભો રહ્યો હતો. જ્યાં દુધ પીધા બાદ તેના પૈસા આપવા જતા રેકડી સંચાલક તેની પૂર્વ પત્ની અની હોવાનું જાણવા મળ્યું હતુન. દરમિયાન અવનીએ તેના પતીને ફોન કરી જાણ કરતા ચેતન અને રાજીવ ધસી આવ્યા હતા અને હવે મારી પત્નીની રેકડીએ આવીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. બાદમાં તે ઘરે જતા રહ્યા બાદ દુખાવો થતા ૧૦૮ મારફત સિવિલ હોસ્પીટલમાં દાખલ થયો હતો. આ અંગે માલવીયાનગર પોલીસે બન્ને શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખેરડીની આંગણવાડીના મહિલા કર્મીના માતા ઉપર સરપંચના પતિ અને સસરાનો હુમલો

## ખોડિયારનગરમાં યુવાનને અજાણ્યા શખ્સોએ માર મારતા સારવારમાં ખસેડાયો

શહેરમાં નવાગામ આવાસ યોજનાના કવાર્ટરમાં રહેતા વૃદ્ધા ખેરડી ગામે આગણવાડીમાં પોતાની પુત્રીની નોકરી ઉપર હાજર હતા. ત્યારે મહિલા સરપંચના પતિ અને સસરાએ ઝઘડો કરી મારમાર્યો હતો. હુમલામાં ઘવાયેલા વૃદ્ધાને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. મળતી વિગત મુજબ નવાગામ આવાસ યોજનાના કવાર્ટરમાં રહેતા રમાબેન જુગલભારથી ગોસ્વામી નામના ૮૦ વર્ષના વૃદ્ધા ખેરડી ગામે આગણવાડીમાં હતા ત્યારે મહિલા સરપંચના પતિ નીલેશભાઈ અને સસરા પરસોત્તમભાઈએ ઝઘડો કરી મારમાર્યો હતો. પ્રાથમિક પુછપરછમાં રમાબેન ગોસ્વામીની પુત્રી ભાવનાબેન ખેરડી આગણવાડીમાં નોકરી કરે છે. પુત્રી રજા ઉપર હોવાથી રમાબેન આગણવાડીમાં હતા ત્યારે પિતા-પુત્રએ હુમલો કરી મારમાર્યોનો આક્ષેપ કરવામાં આવ્યો છે. બીજા બનાવમાં એસટી વર્કશોપ પાછળ આવેલા ખોડિયાર નગરમાં રહેતો રામજી કુશનભાઈ બીન (ઉ.વ.૨૬) રાત્રીના પોતાના ઘરે પાસે હતો ત્યારે અજાણયા શખ્સોએ મારમાર્યો હતો. યુવકને ઈજા પહોંચતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઉપરોક બંન્ને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# દીકરાના લગ્નના ચાર દિવસ બાદ પિતાનું તેમજ કેટરિંગ કામે ગયેલ મહિલાનું હાર્ટએટેકથી મૃત્યુ

## મવડીમાં ક્ષૌરકર્મી યુવાન અને જમતી વખતે ઢળી પડતા પ્રૌઢનું મોત

રાજકોટમાં હૃદય રોગના હુમલાથી મૃત્યુ થવાના બનાવોમાં ચિંતાજનક વધારો નોંધાઈ રહ્યો છે ત્યારે પૂત્રના લગ્નના ચાર દિવસ બાદ સહીત છ વ્યક્તિના હાર્ટએટેકથી મોત નીપજતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે. કોઠારિયા રોડ પર કૈલાસ પાર્કમાં રહેતા રિક્ષાચાલક વિક્રમભાઈ વિભાભાઈ જળુ ઉ.૪૬ રાત્રે બેભાન થઈ જતા સિવિલ હોસ્પીટલે લઈ જતા દમ તોડી દીધો હતો મૃતક ત્રણ ભાઈ એક બહેનમાં મોટા હતા પૂત્રના ચાર દિવસ પૂર્વે જ લગ્ન કર્યા હોય પરિવારમાં શોક વ્યાપી ગયો છે જયારે આંબેડકરનગરમાં રહેતા હેમુભાઈ ભાણજીભાઈ ચાવડા ઉ.પર જમતા જમતા ઢળી પડતા સિવિલે ખસેડાતા ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યા હતા તેમજ સત્યમ પાર્કમાં મનીસિંગ રઘુવંશીસિંગ શર્મા ઉ.૫૮નું પણ હાર્ટએટેકથી મોત થયું છે જયારે પોપટપરા જેલ પાછળ રહેતા ઉમાબેન જેન્તીભાઈ સાવલિયા ઉ.૫૭ નામના મહિલા કેટરિંગના કામ માટે સ્પીડવેલ પાર્ટી પ્લોટ ખાતે ગયા હતા ત્યાં બેભાન થઈ ઢળી. પડતા સિવિલ હોસ્પીટલે ખસેડાયા હતા પરંતુ અહીં દમ તોડી દેતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે તેમજ મવડીમાં રહેતા અને ક્ષૌરકર્મ કરતા વિજયભાઈ ચંદુભાઈ જાદવ ઉ.૪૦ ઘરે બેભાન થઇ ઢળી પડતા બાદ સિવિલમાં દમ તોડી દેતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે તેમજ રૈયા રોડ પર રહેતા દિનેશભાઈ લીલાધરભાઈ રાઠોડ ઉ.૫૮ નામના વૃદ્ધ ઘરે બેભાન થઈ જતા સિવિલ હોસ્પીટલે ખસેડતા હાર્ટએટેકથી મોત થયું હતું.

# પેટ્રોલપંપના ફિલરમેનને માર મારી પેટ્રોલ પંપમાં લૂંટ ચલાવનાર ત્રિપુટી ઝડપાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલપંપમાં બનેલ અનડીટેકટ લૂંટનો ભેદ પોલીસે ગણતરીના દિવસોમાં ઉકેલી લૂંટારુઓને ઝડપી લીધા છે. ડીટેકટ કરતી રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ રાજકોટ શહેરમાં વાવડી ફ્યુલ્સ નામના એચ.પી. કંપનીના પેટ્રોલપંપમાં ગત તા.૦૫/૦૨/૨૦૨૫ ના રાત્રીના ત્રણેક વાગ્યાના સમયે ત્રણ બુકાનીધારી શખ્સો ધસી આવ્યા હતા અને પેટ્રોલપંપમાં કામ કરનાર ફીલરમેન વિષ્ણુભાઈ ગોસ્વામીને બેઝબોલતા શીકા અને હથોડી વડે માર મારી ગંભીરઈજા કરી પેટ્રોલપંપની ઓફીસમાંથી રૂ.૧૩,૦૦૦ની લુંટ ચલાવ્યાની તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. જે ગુનાની ગંભીરતાને ધ્યાને લઈને રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગરીયા, નાયબ પોલીસ કમિશ્નર (કાઈમ) ડો.પાર્થરાજસિંહ ગોહિલ અને મદદનીશ પોલીસ કમિશ્નર(ક્રાઈમ) ભરત. બી, બસીયા દ્વારા ગુન્હો તાત્કાલીક ડીટેકટ કરી આરોપીઓને પકડવા સુચના કરેલ હોય. જે સુચનાના આધારે કાઈમ બ્રાન્ચના પીઆઈ એમ.આર.ગોંડલીયા અને એમ.એલ.ડામોરે ડી.સી.બી. પો.સ્ટે.ની અલગ અલગ ટીમો બનાવી તમામ દિશામાં તપાસ કરી ગુન્હો ડીટેકટ કરવા જરૂરી સૂચના તેમજ સીધા માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.એન પરમાર, એમ. કે. મોવલીયા સહિતની ટીમ પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન પો.હેડકોન્સ. કૃષ્ણદેવસિંહ ઝાલા, વિજયરાજસિંહ જોડે જા, હરસુખભાઈ સબાડ અને પો.કોન્સ. પ્રદીપસિંહ જાડેજાને મળેલ સંયુકત બાતમી હકીકતના આધારે તેમજ ચોકકસ હ્યુમન સોર્સીસથી તેમજ ટેકનીકલ મદદથી એસ.ઓ.જી. ઓફીસની પાછળ આવેલ નીતી ડાઈનીંગ હોલ પાસેથી પ્રતીકભાઈ પીયુષભાઈ દત્તા, સહુલ નવઘણભાઈ મીર અને કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોરને ઝડપી લઈ રીક્ષા, બેઝબોલનો ધોકો, મોબાઈલ અને રોકડ મળી રૂ.૧.૨૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# વીમો પકવવા પુત્રની હત્યા કરવાના ગુનામાં પિતા સહિતના ત્રણ આરોપીને શંકાનો લાભ આપતી કોર્ટ

■ પિતાએ બે શખ્સોને સોપારી આપી પુત્રની હત્યા કરાવ્યાના કેસમાં ધરપકડ થઈ તી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના જે તે સમયે ક્લાર્ક રહી ચૂકેલા અને મનહરપ્લોટમાં રહેતા સ્મીતાબેન નારણભાઈ વસોયાએ પોતાનો મોટો પુત્ર દીપેશ ગુમ થઈ ગયેલ હોવાની એ ડિવિઝન પોલીસને જાણ કરી હતી. જે પછી રૈયાધાર પાસેથી દીપેશની હત્યા કરાયેલ હાલતમાં લાશ મળી હતી. જે અંગે તા.૨૨/૦૬/ ૨૦૧૬ના રોજ સ્મીતાબેને અજાણ્યા શખ્સો સામે યુનિવર્સિટી પોલીસમાં હત્યાની ફરિયાદ નોંધાવી હતી. જેની તપાસમાં ખુલ્યું હતું કે, દીપેશના પિતા નારણભાઈ લવજીભાઈ ઉર્ફે લવાભાઈ વસોયા એ.જી. ઓફિસમાં નોકરી બાદ નિવૃત્ત થયા હતા. દીપેશ કુવાડવા રોડ ઉપર આવેલ કૌશીક કોટન કોર્પોરેશન નામની પેઢીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતો હતો. દીપેશ પાસે બે ફોન હતા પણ એક ફોન તા. ૨૧/૬/ ૨૦૧૬નાં રોજ મળતો નહોતો. પછી તેણે પોતાના માતાને વાત કરેલી કે, ફોન કોઈ વ્યક્તિને મળેલ છે. તે વ્યક્તિએ ૧૫૦ ફૂટ રિંગ રોડ ગોકુલ મથુરા બિલ્ડીંગ પાસે આવી ફોન લઈ જવા જણાવેલ છે. દીપેશ ત્યાં ગયા બાદ પરત આવ્યો નહોતો. અને તેની રૈયાધાર વિસ્તારમાંથી લાશ મળી હતી. જેની તપાસમાં ખુલ્યું હતું કે, નારણભાઈને દીપેશ પોતાનો પુત્ર છે એ બાબતે શંકા હતી. બંને વચ્ચે મકાન વૈચવા બાબતે વિરોધ હતો. અને દીપેશે ૧૦ લાખનો વીમો પણ ઉતરાવ્યો હતો. જેથી નારણભાઈએ અન્ય આરોપીઓ મનસુખ ઓધવજી વાડોલીયા અને રવિ છગન વાડોલીયાને પોતાના જ પુત્રની હત્યા કરવા સોપારી આપી હતી અને વીમા પોલિસીમાંથી બાકી રહેતી રકમ આપવાનું નક્કી કરેલ હતું. ત્રણેય આરોપીઓએ મોબાઈલ ફોન દ્વારા દીપેશને બોલાવી, અવાવરું જગ્યાએ લઈ જઈ આડેધડ માર મારી મોત નીપજાવી લાશને ખાડામાં ફેંકી દીધી હતી. જે કેસ કોર્ટમાં ચાલવા ઉપર આવતા એડિશનલ સેશન્સ જજ પી.જે. તમાકુવાલાએ ત્રણે આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવા હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપીઓ વતી અભય ભારદ્વાજ એન્ડ એસોસિએટ્સના એડવોકેટ અંશ ભારદ્વાજ, ધીરજ પીપળીયા, ગૌતમ પરમાર, વિજય પટેલ, જીજ્ઞેશ જીજ્ઞેશ વિરાણી, જીતેન્દ્ર કાનાબાર, રાકેશ ભટ્ટ, કમલેશ ઉઘરેજા, તારક સાવંત, શ્રેયશ શુકલ, ચેતન પુરોહીત રોકાયા હતા.